પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૪૯, કુલ પાના:૪, તારીખ: ૧૭-૦૨-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 149 PRICE :-RS. 1.50 DATE : 17-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

## મધ્યપ્રદેશમાં ૫૪ મુસાફરો ભરેલી બસ કેનાલમાં ખાબકતા ૩૭ના મોત, ૭નો બચાવ

ભોપાલ,

મધ્યપ્રદેશના સીધીમાં મંગળવારના રોજ સવારે મોટા અકસ્માત થયો છે. મુસાફરથી ભરેલી એક બસ બાણસાગર નહેરમાં પડી છે. હમણાં સુધી ૨૫ લોકોની લાશો બહાર કઢાઈ છે. ૭ યાત્રિઓનો બચાવ થયો છે જ્યારે ડ્રાઈવર નહેરમાં તરીને બહાર નીકળી ગયો છે. અધિકારીઓને આશંકા છે તે મૃતકોની સંખ્યા ૪૫એ પહોંચી શકે છે. સવારે ૧૧.૪૫ વાગ્યે ક્રેનની મદદથી બસને બહાર કઢાઈ છે. કેટલીક લાશો પાણીમાં તણાઈ



ગઈ છે. એએસપી અંજુલતા પટેલે જણાવ્યું છે કે ૩૭ લાશોને બહાર કઢાઈ છે. બાકીના મુસાફરોની પણ મોતની આશંકા છે. ગૃહમંત્રી અમિત શાહે પણ આ મામલે શિવરાજ સિંહ સાથે વાત કરી હતી અને ઝલદીથી રાહત કાર્ય થાય તે માટે ચર્ચા કરી હતી. અમિત શાહે કહ્યું કે સ્થાનિક પ્રશાસન હાલમાં લોકોની મદદ માટે યુદ્ધના ધોરણે કાર્ય કરી રહ્યું છે. આ ઉપરાંત તેમણે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી શિવરાજ સિંહે સરકાર તરફથી વળતરની જાહેરાત કરી છે.

દરેક મૃતકના પરિવારને ૫ લાખ રૂપિયા આપવામાં આવશે. સીધી બસ દુર્ઘટના બાદ મધ્ય પ્રદેશમાં આજે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ યોજાનારા ગૃહપ્રવેશ કાર્યક્રમને સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે મધ્ય પ્રદેશને ભેટ મળવાની હતી. મંગળવારે (૧૬ ફેબ્રુઆરી) વસંત પંચમીના પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ માટે એક મોટો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. દુર્ઘટના બાદ બાણસાગર ડેમથી છોડવામાં આવતું પાણી બંધ કરી દેવામાં આવ્યું છે જેનાથી બસને પાણીના તેજ વહેણમાંથી તણાઈ જતાં રોકી શકાય. ક્રેનની મદદથી પહેલા બસને શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મધ્ય પ્રદેશના પરિવહન મંત્રી ગોવિંદ રાજપૂતે જણાવ્યું કે બસની પરમિટ રદ કરીને ટ્રાન્સપોર્ટ કમિશ્નરને આ દુર્ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તપાસમાં જે પણ દોષી પુરવાર થશે તેને છોડવામાં નહીં આવે.

ડેપ્યુટી ટ્રાન્સપોર્ટ કમિશ્નરને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. આ અકસ્માત રામપુરના નૈકિન વિસ્તારમાં સવારે લગભગ સાડા સાત વાગે થયો છે. બસ સીધીથી સતના જઈ રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર બસની ક્ષમતા માત્ર ૩૨ મુસાફરોની હતી. આ બસમાં ૫૪ મુસાફરો હતા. સીધીથી આ બસ છુહિયા ઘાટીથી સતના તરફ જઈ રહી છે. ટ્રાફિક હોવાથી ડ્રાઈવરે રૂટ બદલી દીધો હતો. આ સમયે રસ્તો સાંકડો હોવાથી ડ્રાઈવરે બસના સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં બસ નહેરમાં ખાબકી હતી. ઝાંસીથી રાંચી જતો આ રસ્તો સતના, રીવી, સીધી અને સીંગરોલી થઈને જાય છે. એટલે અહીં ટ્રાફિક જામની વર્ષોથી સમસ્યા રહેતી હોય છે.

એસડીઆરએફની ટીમ રેસ્ક્યુ ઓપરેશનમાં લાગી ગઈ છે. બસને ક્રેનની મદદથી બહાર કઢાઈ છે. ગોતાખોરો હાલમાં લાશો શોધી રહ્યા છે. નહેરમાં પાણીનો પ્રવાહ વધારે હોવાથી ટીમ પાણી ઘટવાની રાહ જોઈ રહી છે. એ પણ આશંકા છે કે પાણીના તેજ પ્રવાહને પગલે લાશો દૂર સુધી પાણીમાં તણાઈ ગઈ પણ હોય. હાલમાં બાણસાગર ડેમમાંથી પાણીનો પ્રવાહ અટકાવી દેવામાં આવ્યો છે. પાણીનું સ્તર ઘટ્યા બાગ બીજી લાશો મળી શકે છે. પાણીનું હાલમાં ડ્રાયવર્ઝન કરી સિહાવલ નહેરમાં મોકલાઈ રહ્યું છે.

## ભારતની ચીન સામે કૂટનીતિક જીત: પેન્ગોગના ઉત્તર કિનારાથી ઉખાડ્યા તંબૂ-બંકર

ન્યુ દિલ્હી,

પૂર્વ લદાખના પેન્ગોગ સો લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાઓથી ભારત અને ચીનની સેનાઓની વાપસી પ્રક્રિયા યોજના મુજબ ચાલી રહી છે અને આગામી ૬થી ૭ દિવસમાં વાપસીની પ્રક્રિયા પૂરી થવાની આશા છે. આ જાણકારી રક્ષા સૂત્રોએ આપી છે. સૂત્રોએ કહ્યું કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીએ અનેક બંકર, અસ્થાયી ચોકીઓ અને અન્ય માળખાને ઉત્તર કિનારા વિસ્તારમાંથી હટાવી દીધા છે અને ક્ષેત્રમાં પોતાના સૈનિકોની સંખ્યા ધીમે-ધીમે ઓછી કરી રહી છે. તેઓએ જણાવ્યું કે બંને પક્ષોના ફિલ્ડ કમાન્ડર લગભગ રોજ બેઠક કરે છે જેથી વાપસીની પ્રક્રિયાને આગળ વધારી શકાય, જેને નવ



ચરણની ઉચ્ચ સ્તરીય સૈન્ય મંત્રણા બાદ ગત સપ્તાહે અંતિમ રૂપ આપવામાં આવ્યું હતું. રક્ષા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાઓથી વાપસીની પ્રક્રિયાને પૂરી થવામાં લગભગ એક સપ્તાહનો સમય લાગશે અને બંને પક્ષ સૈનિકો અને ઉપકરણોની વાપસી પ્રક્રિયાનું સત્યાપન કરી રહ્યા છે. નવ મહિનાના ગતિરોધ બાદ બંને દેશની સેનાઓ પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાથી વાપસી પર સહમત થયા જે મુજબ બંને પક્ષોને ચરણબદ્ધ, સમન્વિત અને સત્યાપિત રીતે સેનાઓને અગ્રિમ મોરચાથી હટાવવાની છે.

વાપસીની પ્રક્રિયા ગત બુધવારથી શરૂ થઈ હતી. રક્ષા મંત્રી રાજનાથ સિંહએ ગત ગુરુવારે સંસદમાં વાપસી સમજૂતી પર વિસ્તૃત નિવેદન આપ્યું હતું. રાજનાથ સિંહે એલાન કર્યું કે ભારત-ચીનની વચ્ચે પેન્ગોગ લેકની પાસે વિવાદ પર સમજૂતી થઈ ગઈ છે અને બંને દેશની સેનાઓ પોતાના સૈનિકોને પાછળ હટાવશે. રક્ષા મંત્રીએ એલાન કર્યું હતું કે ભારત અને ચીન બંનેએ નક્કી કર્યું છે કે એપ્રિલ ૨૦૨૦ પહેલાની સ્થિતિને લાગુ કરવામાં આવશે, જે નિર્માણ અત્યાર સુધીમાં કરવામાં આવ્યું છે તેને હટાવી દેવામાં આવશે.

જે જવાનોએ પોતાના જીવ આ દરમિયાન ગુમાવ્યા છે તેમને દેશ હંમેશા સલામ કરશે. સમગ્ર ગૃહ દેશની સંપ્રભુતાના મુદ્દે એક સાથે ઊભું છે. રાજ્યસભામાં નિવેદન આપતા રાજનાથ સિંહે કહ્યું હતું કે, ભારતે સ્પષ્ટ કર્યું છે કે LACમાં કોઈ ફેરફાર ન થાય અને બંને દેશોની સેનાઓ પોતપોતાના સ્થળે પહોંચી જાય. આપણે એક ઈંચ જમીન પણ કોઈને નહીં લેવા દઈએ. રક્ષા મંત્રીએ કહ્યું કે પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાને લઈ બંને દેશો વચ્ચે સમજૂતી થઈ ગઈ છે અને સેનાઓ પાછળ હટશે. ચીન પેન્ગોગ ફિંગર ૮ બાદ જ પોતાની સેનાઓ તૈનાત કરશે. ૧૦ મહિનાથી ચાલી રહેલા ઘર્ષણને લઈ રાજ્યસભામાં રાજનાથ સિંહે કહ્યું કે અમે નિયંત્રણ રેખા પર શાંતિપૂર્ણ સ્થિતિ કાયમ રાખવા માટે પ્રતિબદ્ધ છીએ. ભારતે હંમેશા દ્વીપક્ષીય સંબંધોને મજબૂત રાખવા પર ભાર મૂક્યો છે. તેઓએ કહ્યું કે ભારતે ચીનને હંમેશા એવું કહ્યું છે કે બંને દેશોના પ્રયાસોથી જ દ્વીપક્ષીય સંબંધો સુધરી શકે છે.

## અરબી સમુદ્રમાં ભેજવાળા પવનો ફૂંકાતાં રાજ્યમાં માવઠું થવાની આગાહી

ગાંધીનગર,

રાજ્યમાં ઠંડીની વિદાય થઈ રહી છે ત્યારે ફરીવાર ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે માવઠું થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ’અરબી સમુદ્ર તરફ ભેજવાળા પવન ફૂંકાતાં વિશેષ કરીને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ૧૯ ફેબ્રુઆરીના હળવો વરસાદ પડી શકે છે. રાજ્યમાં આ સિવાયના મોટા ભાગના હિસ્સામાં સૂકું વાતાવરણ રહેશે. આગામી બે દિવસ લઘુતમ તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નહિવત્ છે. આ પછીના ૩ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં ૨-૩ ડીગ્રીનો વધારો થઈ શકે છે. ’વરસાદની શક્યતાને પગલે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ગત રાત્રિએ ૯ ડીગ્રી સાથે નલિયા ઠંડુંગાર રહ્યું હતું.

ગુજરાતમાં ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે. અમદાવાદમાં ૩૩.૫ ડીગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૧ ડીગ્રીનો, જ્યારે ૧૫.૬ ડીગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૦.૯ ડીગ્રીનો વધારો થયો હતો. રાજ્યમાંથી અન્યત્ર ગાંધીનગરમાં ૧૪, દીવમાં ૧૬.૪, વડોદરા-સુરેન્દ્રનગરમાં ૧૬.૮, ભુજમાં ૧૭, ભાવનગરમાં ૧૯.૫, સુરતમાં ૧૯.૬ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. ગુજરાતમાં ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ગરમીમાં વધારો અનુભવાઈ રહ્યો છે. હાલ ઉત્તરપશ્ચિમ દિશાનો પવન છે. આગામી ૩-૪ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં ૩ ડીગ્રી સુધીનો વધારો થઈ શકે છે. ૨૧ ફેબ્રુઆરી સુધી અરબી સમુદ્ર તરફથી આવતા ભેજવાળાં વાદળો ગુજરાતના કેટલાક ભાગોમાં આવવાથી માવઠું થવાની શક્યતા છે.

## જમ્મુ-કાશ્મીરના બિજબેહાડામાં IED વિસ્ફોટ, કોઈ જાનહાનિ નહીં

શ્રીનગર,

દક્ષિણ કાશ્મીરમાં અનંતનાગ જિલ્લાના પજલપુરા બાજભારામાં આતંકવાદીઓએ ટિપર વાહનોમાં આઈઈડી વિસ્ફોટ થયો હોવાની માહિતી મળી છે. ઘટના પછી સમગ્ર વિસ્તારને સુરક્ષા બળના જવાનોએ ઘેરી લીધો છે. પોલીસે આ અંગેના મામલાની તપાસ શરૂ કરી દીધી છે. આ અંગે મળતી માહિતી અનુસાર, આતંકવાદીઓએ ટિપર વાહનોમાં ઓછી તીવ્રતાવાળા આઈઈડી રાખ્યું હતું, જેમાં વિસ્ફોટ થયો હતો. આ ઘટનામાં કોઈ પણ ઈજાગ્રસ્ત થયા હોય તેવા કોઈ સૂચના નથી. ઘટનાસ્થળ પર ઊભા રહેલા વાહનોને ખૂબ જ નુકસાન થયું હતું.

એક પોલીસ અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, આતંકવાદીઓએ દક્ષિણી કાશ્મીરમાં અનંતનાગ જિલ્લાના બિજબહેડાના પજાલપોરા વિસ્તારમાં આવેલા સીઆરપીએફના કેમ્પના વાહનને નિશાન બનાવ્યું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જી. એસ. બારીઆ

મુ. કુવાઝર, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. બી. પટેલ

મુ. માતરીયાવાડી (ખાબડા), તા. મોરવા(હ)

## હવે દુનિયાભરના લોકોને લાગશે ભારતની રસી, WHOએ આપી ઈમરજન્સી મંજૂરી

જીનીવા,

ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવેલી કોરોના રસી કોવિશિલ્ડનો ઉપયોગ હવે વિશ્વભરમાં કરવામાં આવશે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ ઓક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસિત કરેલી બે કોવીડ-૧૯ રસીના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી છે. તેમા સીરમ સંસ્થાની રસી ઉપરાંત, દક્ષિણ કોરિયાની એસ્ટ્રાઝેનેકા-એસકેબાયોની રસી સામેલ છે. ડબ્લ્યુએચઓએ જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે, ઓક્સફોર્ડ-એસ્ટ્રેજેનેકાની વેક્સીનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દેવામાં આવી છે જેથી વિશ્વભરમાં રસીકરણને આગળ વધારી શકાય.



તેની સાથે હુંના પ્રમુખે એમ પણ કહ્યું કે, કોરોના રસીના ઉત્પાદનમાં ગતી આવવી જોઈએ. રસીને મંજુરી આપ્યાના એક દિવસ પહેલા યુ.એન.ની આરોગ્ય એજન્સીની એક પેનલે રસી વિશે વચગાળાની ભલામણ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, તમામ પુખ્ત વયના લોકોએ રસીના બે ડોઝ ૮-૧૨ અઠવાડિયાના ગાળામાં આપી દેવા જોઈએ. ગયા વર્ષે ડિસેમ્બરમાં ડબ્લ્યુએચઓએ કટોકટીના ઉપયોગ માટે ફાઈઝરની કોરોના રસીને મંજૂરી આપી હતી. તમને જણાવી દઈએ કે, ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોરોના રસી ફાઈઝરની રસી કરતા ઘણી સસ્તી છે.

ડબ્લ્યુએચઓએ તેના નિવેદનમાં કહ્યું છે કે, ઓક્સફર્ડ-એસ્ટ્રોજેનિકાની આ બંને કોરોના રસીઓની મંજૂરી આપ્યા બાદ, વિશ્વના ઘણા દેશોમાં કોવેક્સ પ્રોગ્રામ હેઠળ રસીકરણ ઝડપી બનાવવામાં આવશે. ત્યાર બાદ વિશ્વના જે દેશોમાં હજુ કોરોનાની રસી આપવામાં આવી નથી તે દેશોમાં રસીકરણ શરૂ કરવામાં આવશે. જણાવી દઈએ કે, કોવેક્સ પ્રોગ્રામની જેમ, ડબ્લ્યુએચઓ વિશ્વના ગરીબ દેશોમાં કોરોના રસી પહોંચાડવાનો પ્રયાસ કરે છે.

## અમેરિકા, મેક્સિકોમાં કાતિલ ઠંડી: લાખો લોકો વીજળીવિહોણા થયા


ઓસ્ટિન,

અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં અને પડોશના મેક્સિકો દેશમાં કાતિલ ઠંડી પડી રહી છે. દાંત કચકચાવી દેનારી ઠંડી પડતાં અને ભારે બરફ પડતાં વપરાશકારો તરફથી વીજળીની માગ વધી જતાં ટેક્સાસ રાજ્યના ઈલેક્ટ્રિક ગ્રિડ ઓપરેટરને તબક્કાવાર અંધારપટ કરવાની ફરજ પડી છે. આને કારણે આશરે ૪૦ લાખ લોકો વીજળીવિહોણા થઈ ગયા છે. ટેક્સાસમાં લઘુત્તમ તાપમાન ૨૮થી માઈનસ ૮ ડિગ્રી ફેરનહિટ (માઈનસ ૨થી માઈનસ ૨૨ સેલ્શિયસ) જેટલું અસહ્ય બની જતાં પ્રમુખ જૉ બાઈડને ઈમરજન્સી ઘોષિત કરી છે. વીજ ઉત્પાદન કરવાની કેટલીક કંપનીઓની ક્ષમતા થીજી જવાથી અંધારપટની સ્થિતિ સર્જાઈ છે.

## ચીનના વુહાનથી જ કોરોના વાઈરસ ફેલાયો હોવાનો WHOના રિપોર્ટમાં દાવો

જીનીવા,

કોરોનાનો વાઈરસ ક્યાંથી ફેલાયો તેની તપાસ કરવા ગયેલી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની સમિતિને કોરોનાનો જીવલેણ વાઈરસ ચીનનાં વુહાનથી જ ફેલાયો હોવાનાં નક્કર પૂરાવા મળ્યા છે. હુંનાં રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ડિસેમ્બર ૨૦૧૯માં આખી દુનિયામાં ફેલાયેલો કોરોના વાઈરસ ચીનનાં વુહાનથી જ ફેલાયો હતો. ચીને અત્યાર સુધી જેની તપાસ જ કરવા નથી દીધી તેવા હજારો બ્લડ સેમ્પલ્સ તત્કાળ ઉપલબ્ધ કરાવવા ચીનનાં સત્તાવાળાઓને તાકીદ કરાઈ છે. હું ટીમનાં મુખ્ય તપાસકર્તા પીટર




બેન એમ્બાર્કે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, અમને વુહાનથી જ મોટાપાયે વાઈરસ ફેલાયો હોવાના પૂરાવા અને સંકેતો મળ્યા છે. વુહાનમાં કોરોનાનાં સૌથી વધુ વાઈરસ હતા અને ધારણા કરતા કોરોનાનો કહેર ૫૦૦ ટકા વધારે હતો. ડિસેમ્બર ૨૦૧૯માં વુહાનમાં પહેલેથી જ કોરોનાનાં અનેક સ્ટ્રેન અસ્તિત્વમાં હતા. તપાસ ટીમનાં સભ્ય પીટર બેન ઈમબરેકે કહ્યું હતું કે, વુહાનમાં કોરોના વાઈરસે ધારણા કરતા ૫૦૦ ટકા વધુ કહેર મચાવ્યો હતો.

વુહાનમાં ડિસેમ્બરમાં જ વાઈરસ ફેલાવાનું શરૂ થઈ ગયું હતું. ડિસેમ્બરમાં વુહાનમાં કોરોનાનાં ૧૭૪ કેસ હતા. કોરોના વાઈરસનાં ૧૩ અલગ અલગ જિનેટિક સિકવન્સ જોવા મળ્યા હતા. ઉૐની ટીમ દ્વારા ટૂંક સમયમાં જ તેનો પ્રારંભિક રિપોર્ટ રજૂ કરવામાં આવશે. હું ચીફ ટેડ્રોસ ગેબ્રેસિયસે કહ્યું હતું કે, ચીનનાં વુહાન શહેરમાં કરાયેલી તપાસ મહત્વની છે. તમામ સંભાવનાઓ સાથે તપાસ કરાઈ રહી છે. શરૂઆતમાં પ્રારંભિક રિપોર્ટ રજૂ કરાશે અને તે પછી થોડા સમયમાં સંપૂર્ણ તપાસ રિપોર્ટ રજૂ કરાશે. તપાસ ટીમને જાણવા મળ્યું હતું કે ડિસેમ્બર ૨૦૧૯માં એકલા ચીનનાં વુહાનમાં જ કોરોનાનાં ૧૦૦૦ કેસ હતા. મિલાન કેન્સર ઈન્સ્ટીટયૂટે જણાવ્યું હતું કે, ઈટાલીમાં ઓક્ટોબર ૨૦૧૯માં જ કોરોના ફેલાવાનું શરૂ થઈ ગયું હતું.

વુહાનનાં આરોગ્ય અધિકારીઓએ હુંને તેની જાણ ૩૧ ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ કરી હતી. દસ્તાવેજો મુજબ ચીનમાં કોરોનાનો પહેલો કેસ ૧૭ નવેમ્બર ૨૦૧૯નાં રોજ પ્રકાશમાં આવ્યો હતો. ચીનમાં ૩૧ ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ કોરોનાનો પહેલો કેસ મળી આવ્યો તે પછી અમેરિકા સહિત આખા વિશ્વમાં તેને ફેલાવવાનાં કાવતરામાં ચીનની ભૂમિકા મહત્વની હતી. ચીનનાં એક વેઈબો યુઝર્સે તે જ દિવસે વોચ આઉટ ફોર અમેરિકન્સ એવો મેસેજ પોસ્ટ કર્યો હતો. બેઈજિંગથી વોશિંગ્ટન અને મોસ્કો તેમજ તહેરાન સુધી તેને ફેલાવવા માટે કાવતરૂં ઘડવામાં આવ્યું હતું. ચીનની સરકારે શરૂઆતમાં ખાસ્સો એવો ખોટો પ્રચાર કર્યો હતો.

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા ૯,૧૨૧ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,

છેલ્લા બે અઠવાડિયાથી દેશમાં દરરોજ કોરોનાના ૧૫,૦૦૦ થી ઓછા કેસ નોધાઈ રહ્યા છે. આ સિવાય મોતનો આંકડો પણ છેલ્લા દોઢ મહિનામાં ઘટીને ૨૦૦ થી નીચે આવી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૯,૧૨૧ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, ગઈકાલે ૮૧ લોકોનાં મોત થયાં હતાં. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે દેશમાં અત્યાર સુધીમાં ૮૭ લાખથી વધુ લોકોને રસી આપવામાં આવી છે. દેશવ્યાપી રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય



કર્મચારીઓને બીજી રસી મળવાનું શરૂ થયું છે.

આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજેતરના આંકડા મુજબ દેશમાં કોરોનાના સકારાત્મક કેસની સંખ્યા ૧,૦૯,૨૫,૭૧૦ પર પહોંચી ગઈ છે. તેમાંથી ૦૧,૫૫,૮૧૩ લોકોનાં મોત નીપજ્યાં છે. દેશમાં હાલમાં સક્રિય કેસની સંખ્યા એક લાખ ૩૬,૮૭૨ છે અને ડિસ્ચાર્જ થયેલા કેસોની કુલ સંખ્યા એક કરોડ ૬,૩૩,૨૫ છે. અત્યાર સુધીમાં ૮૭,૨૦,૮૨૨ લોકોને કોરોના વાયરસની રસી આપવામાં આવી છે.

દેશમાં કોરોના રીકવરી દર હવે વધીને ૯૭.૩૧ ટકા થઈ ગયો છે, જ્યારે મૃત્યુ દર ઘટીને ૧.૪૩ ટકા થઈ ગયો છે. કુલ ૩૧ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૫૦૦૦થી ઓછા સક્રિય કેસ છે. તે જ સમયે, કુલ સક્રિય કિસ્સાઓમાં ૭૯.૬૯ ટકા પાંચ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોના છે.

મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત

# લુણાવાડા તાલુકાના વિવિધ ગામોમાં EVM મશીન સાથે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર... આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે ઈંધટ્ઈઉ-૧૯ ની ગાઇડ લાઇનને અનુસરીને લુણાવાડા તાલુકાના વિવિધ ગામોમાં ઇ.વી.એમ. મશીન સાથે મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

મતદાન જાગૃતિ દરમિયાન ઇ.વી.એમ. મશીન કેવી રીતે કામ કરે છે., મતદારે પોતાનો મત ઇ.વી.એમ.માં કઇ રીતે આપવો મત આપ્યા પછી રજિસ્ટર બટન દબાવશે ત્યારે મત આપવાની પ્રક્રિયા પૂરી થાય તેની તેમજ જો નોટા બટન દબાવીને મત રજિસ્ટર કર્યા પછી કોઇપણને મત આપી શકાશે નહીં તે અંગેનું ઇ.વી.એમ. મશીનના પ્રત્યક્ષ નિદર્શનથી સમજાવી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરી પવિત્ર લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા જણાવાયું હતું.

આ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત ઇ.વી.એમ. મશીનના પ્રત્યક્ષ નિદર્શનમાં પ્રથમવાર મતદાન કરતાં મતદાતા હોય, યુવાન હોય કે વયોવૃધ્ધ સહિત મહિલાઓ પણ જોડાઇ હોવાનું સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદીએ જણાવ્યું છે.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૭ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકાની ૦૬ સ્ત્રી અને ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૬-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૩૮ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૬૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/કોરોનાના કુલ ૧૨૬૮૭૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૬ દર્દી હોમ આઇસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૧ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# કોંગ્રેસના નિર્ણયથી રાજ્યસભાની ૨ બેઠકો પર ભાજપના બંને ઉમેદવારો થયા બિનહરીફ



ગાંધીનગર, ભાજપે રાજયસભાની ખાલી પડેલી બેઠકો પર બે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે દરવખતની જેમ આ વખતે પણ બંને બેઠકો પર નવા જ નામો જાહેર કર્યા છે. ભાજપે રાજયસભાની બે બેઠકો પર દિનેશભાઇ જેમલભાઇ પ્રજાપતિ અને રામભાઇ મોકરિયાનું નામ જાહેર કર્યું છે.

કોંગ્રેસના અહેમદ પટેલ અને ભાજપના અભય ભારદ્વાજના નિધન બાદ આ બંને બેઠકો ખાલી પડી છે. નોંધનીય છે કે, ૧ માર્ચના રોજ રાજયસભાની પેટાચૂંટણી યોજાવવાની છે. હાલ મળતી માહિતી પ્રમાણે, બે ઉમેદવારોમાંથી એક સૌરાષ્ટ્ર છે અને અન્ય ઉત્તર ગુજરાતમાંથી આવે છે. જો આપણે ઉમેદવારોની વાત કરીએ તો દિનેશ પ્રજાપતિ ઓબીસી ચહેરો છે, તેઓ બનાસકાંઠામાંથી આવે છે. તેઓ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી, જિલ્લા ભાજપ પૂર્વ યુવા મોરચા પ્રમુખ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ બક્ષીપંચ મોરચાના પ્રમુખ છે. રામભાઈ મોકરિયા એબીવીપી કાર્યકર્તા છે. તેઓ મૂળ પોરબંદરના નિવાસી છે. તેઓ હાલ રાજકોટમાં કાર્યરત છે.

તેઓ મારુતિ કુરિયરના મલિક છે અને ભાજપ સાથે વર્ષોથી જોડાયેલા છે. હાલમાં રાજકીય વર્તુળોમાં તેવી ચર્ચા ચાલી રહી છે કે, બંને બેઠક પર ભાજપ પોતાના બે ઉમેદવાર રાજયસભામાં મોકલવા માટે સફળ થશે. કારણકે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી બાદ અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની ખાલી પડેલી રાજયસભા બેઠક પર યોજાયેલી ચૂંટણીમાં ધારાસભ્યોએ બંને બેઠકો માટે અલગ-અલગ મત આપવા પડ્યા હતા એટલે કે, ચૂંટણી ભલે એક જ દિવસે યોજાય પરંતુ બંને બેઠકો માટે વિધાનસભાના તમામ સભ્યો અલગ-અલગ મતદાન કરશે.

કોંગ્રેસે જે તે સમયે આ મુદ્દાને સુપ્રીમ કોર્ટમાં પણ પડકાર્યો હતો. પરંતુ ચૂંટણી પંચ દ્વારા વર્ષ ૨૦૦૯ અને ૧૯૯૪માં યોજાયેલી ચૂંટણીનો રેફરન્સ આપતા એક જ જાહેરનામા બંનેએ બેઠકોની અલગ-અલગ ચૂંટણી કરવા થયેલા આ પ્રક્રિયાનો હવાલો આપ્યો હતો એટલે કે ગુજરાતની ખાલી પડેલી બંને બેઠકો પર ભાજપના બંને ઉમેદવારને જીત મળશે અને રાજયસભા પહોશે.

# મહારાષ્ટ્રમાં કોરોના કેસ વધતા મેયરે આપી લોકડાઉનની ચીમકી



મુંબઈ, મહારાષ્ટ્રમાં ૪૨ દિવસ બાદ ફરી એક વખત કોરોના વાઈરસના કેસની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. અત્યારે મહારાષ્ટ્રમાં કોરોનાના ૩થી ૪ હજાર કેસ સામે આવવા લાગ્યા છે. મુંબઈમાં પણ સ્થિતિ બગડી રહી છે. આ સંજોગોમાં બીએમસીના મેયર કિશોરી પેડનેકરે જણાવ્યું છે કે જો લોગો કોવિડ-૧૯ને લગતા નિયમોનું પાલન નહીં કરે તો મુંબઈમાં ફરી વખત લોકડાઉન લાગૂ કરવામાંઆવી શકે છે. તેમણે કહ્યું કે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા લોકો માસ્ક પહેરતા નથી,જે એક ચિંતાની બાબત છે. લોકો કોરોનાને લગતી સાવચેતી દાખવે અન્યથા શહેરમાં ફરી વખત લોકડાઉન લાગૂ કરવામાં આવી શકે છે.

મહારાષ્ટ્રમાં રવિવારે કોરોના વાઈરસના ૪,૦૯૨ નવા કેસ આવ્યા હતા. જ્યારે ૪૦ સંક્રમિતોના મૃત્યુ થયા હતા. સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું કે રાજયમાં સંક્રમણના કુલ કેસ ૨૦,૬૪,૨૭૮ થઈ ગયા છે, જ્યારે મૃત્યુઆંક ૫૧,૫૨૯ થયો છે. દેશમાં કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીની સ્થિતિને લઈ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને આઈસીએમઆરએ એક પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. અહીં જાણકારી આપવામાં આવી છે કે દેશમાં કોરોનાના UK સ્ટ્રેનથી સંક્રમિત ૧૮૭ કેસ છે અને ૨૪ દેશોને ભારતે વેક્સિન પહોંચાડી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે જણાવ્યું કે અત્યાર સુધીમાં એક લાખ ૭૦ હજાર ૬૭૮ લોકોને બીજી વખત વેક્સિન આપવામાં આવી છે. દેશમાં કોરોનાના સક્રિય કેસ ૧.૪૦ લાખથી ઓછા દર્દી રહ્યા છે. ભૂષણે જણાવ્યું કે દેશના કુલ સક્રિય કેસોની બાબતમાં ૭૨ ટકા કેસ બે રાજ્યમાંથી છે.

તેમા કેરળ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. કેરળમાં કોરોના સંક્રમણના ૬૧,૫૫૦ સક્રિય કેસ છે, જ્યારે મહારાષ્ટ્રમાં તેની સંખ્યા ૩૭,૩૮૩ છે. ભૂષણે જણાવ્યું કે દેશમાં છેલ્લા સાત દિવસમાં પ્રતિ ૧૦ લાખની વસ્તી પર ૫૬ નવા કેસ સામે આવ્યા છે.

# કોંગ્રેસના ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થતાં હાઈકોર્ટમાં કરેલી અરજી ફગાવાઈ

અમદાવાદ, અમદાવાદ અને ભાવનગરમાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થતાં હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ ત્રણેય ઉમેદવારોની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. આ અરજીઓને લઈને એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે હાલમાં ચૂંટણી પ્રક્રિયા ચાલુ હોવાથી અરજીઓ ટકી શકે નહીં, અરજદાર ઈચ્છે તો ચૂંટણી બાદ ઈલેક્શન પીટીશન કરી શકશે. કોંગ્રેસના દિનેશ પરમાર, દેવલબેન ચાવડા અને શિલ્પાબેન રાણાની અરજીઓ હાઈકોર્ટે ફગાવી દીધી છે. ઉમેદવારી રદ થવાના કિસ્સાઓમાં એક ફોર્મમાં ઉમેદવારના વાસ્તવિક નામ અને મેન્ડેટના નામમાં તફાવત હોવાથી ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું. બીજા કિસ્સામાં ઉમેદવારના ટેકેદારોને પ્રવેશ નહીં મળતાં ટેકેદારની સહી બાકી હોવાથી ઉમેદવારી ફોર્મ રદ થયુંહતું. જ્યારે ત્રીજા કિસ્સામાં સોગંદનામું નિર્દિષ્ટ ફોર્મેટમાં નહીં હોવાના કારણે ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું. અમદાવાદ જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટેની ચૂંટણીમાં દસક્રોઇ તાલુકાની બે બેઠકોમાંથી ભૂવાલડીમાં મેન્ડેટમાં નામ નહીં હોવાનું અને સિંગરવામાં સોસાયટીમાં રહેતા ઉમેદવાર પાસે શૌચાલય નહીં હોવાનું જણાવી કોંગ્રેસના બંને ઉમેદવારોના ફોર્મ રદ કરાયા હતાં. બંને ફોર્મ રાજ્યના ગૃહમંત્રીના ઈશારે રદ કરાયા હોવાનો જિલ્લા કોંગ્રેસ આગેવાનોએ આક્ષેપ કરતા કહ્યું કે, બે દિવસમાં હાઈકોર્ટમાં અરજી કરાશે. જોકે ભાજપે આક્ષેપ ફગાવી કોંગ્રેસની નબળાઈ હોવાનું જણાવ્યું હતું.

# મુખ્યમંત્રી કોરોના સંક્રમિતઃ મતદાન કરશે કે નહીં તેને લઈ ચર્ચાએ પકડ્યું જોર



ગાંધીનગર, મુખ્યમંત્રી કોરોના પોઝિટિવ થતાં મહાપાલિકાની ચૂંટણીમાં તેઓ મતદાન કરે તેવી શક્યતા નહીંવત છે જો અને તો ને લઈ ચૂંટણી તંત્ર દ્વારા મુખ્યમંત્રી મતદાન માટે આવે તો મતદાનની અંતિમ કલાકમાં પીપીઈ કીટ પહેરાવી મત આપવા દેવાશે. રાજકોટના મતદાર અને મુખ્યમંત્રી વિજય રૂપાણીને કોરોના થતાં મહાપાલિકાની ચૂંટણીમાં મતદાન માટે આવશે કે નહીં તેને લઈ ઉતેજના ફેલાઈ છે આમ છતાં ચૂંટણી તંત્ર દ્વારા મુખ્યમંત્રીના મતદાન માટેની વ્યવસ્થા ગોઠવી નાંખવામાં આવી છે.

વોર્ડ નંબર.૧૦માં મુખ્યમંત્રીનું નિવાસ સ્થાન આવે છે. આથી વોર્ડ નંબર.૧૦થી ૧૨ના ચૂંટણી અધિકારી સુનિલ ચૌધરીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીને કોરોના પોઝિટિવ આવ્યો હોવાથી તેમના મતદાન મથક અનિલ જ્ઞાન મંદિરમાં સરકારની ગાઈડલાઈન પ્રમાણે મતદાનની છેલ્લી કલાકમાં પીપીઈ કીટ પહેરાવી હેન્ડ ગ્વલઝ આપી મતદાન કરવા દેવાશે. તેમજ ચૂંટણી સ્ટાફને પણ પીપીઆ કીટ આપવામાં આવશે. રાજયના મુખ્યમંત્રી સીએમ વિજય રૂપાણી કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું.

રવિવારે મોડી સાંજે વડોદરામાં સભા દરમિયાન વિજય રૂપાણીને ચક્કર આવતાં સ્ટેજ પર જ ઢળી પડ્યા હતા. જે બાદ તેઓને અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તેઓનો કોરોનો ટેસ્ટ કરાવતાં પોઝિટિવ આવ્યો હતો. આ ઉપરાંત સીએમ રૂપાણીના સંપર્કમાં આવેલાં ભીખુ દલસાણિયા, વિનોદ ચાવડા પણ કોરોના સંક્રમિત થયા છે.

# કોરોનાના ૧-૨ કેસ નોંધાય તો ઓફિસ બંધ કરવાની જરૂર નથી, સેનિટાઇઝેશન પછી કામ શરૂ



ન્યુ દિલ્હી, યુનિયન હેલ્થ મિનિસ્ટ્રીએ ઓફિસ અથવા વર્કપ્લેસ વિશે નવી એસઓપી જાહેર કરી છે. એમાં જણાવ્યા પ્રમાણે, જો કોઈ ઓફિસમાં કોરોનાના કેસ મળે છે તો એ એરિયાને ડિસઈન્ફેક્ટેડ કર્યા પછી ફરી કામ શરૂ કરી શકાય છે. એના માટે આખા બિલ્ડિંગને બંધ કે સીલ કરવાની જરૂર નહીં પડે. મિનિસ્ટ્રીના જણાવ્યા પ્રમાણે, કોઈ ઓફિસમાં ૧ કે ૨ કેસ મળે છે તો ડિસઈન્ફેક્શનની પ્રોસેસ માત્ર એ જગ્યાએ હશે, જ્યાં દર્દી છેલ્લા ૪૮ કલાકમાં હાજર રહ્યો હોય. ત્યાર પછી પ્રોટોકોલના હિસાબથી કામ ફરીથી શરૂ કરી શકાય છે. જો વર્કપ્લેસ પર મોટી સંખ્યામાં કોરોનાના કેસ સામે આવે છે, તો આખા બ્લોક અથવા બિલ્ડિંગને ડિસઈન્ફેક્ટેડ કરવું જોઈએ.

ગાઈડલાઈન્સમાં કહેવામાં આવ્યું છે કે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મેડિકલ અને જરૂર સર્વિસને બાદ કરતાં તમામ ઓફિસ બંધ રહેશે. માત્ર કન્ટેન્મેન્ટ ઝોનથી બહાર ઓફિસ ખોલવાની મંજૂરી હશે. જ્યાં સુધી શક્ય હોય, તમામ મીટિંગ્સ વીડિયો-કોન્ફરન્સ દ્વારા જ કરવી જોઈએ. વધુ લોકોના એકસાથે ભેગા થવા પર પ્રતિબંધ યથાવત્ રહેશે. કન્ટેન્મેન્ટ ઝોનમાં રહેતા અધિકારી અને સ્ટાફે તેમના મેનેજરને આ અંગેની જાણ કરવાની રહેશે. કન્ટેન્મેન્ટ ઝોન સમાપ્ત ન થાય ત્યાં સુધી તેમણે ઓફિસ ન આવવું જોઈએ. આની જગ્યાએ આવા કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવી જોઈએ. આ ઉપરાંત વર્કપ્લેસમાં એન્ટ્રી વખતે હાથ સાફ કરવા અને થર્મલ સ્ક્રીનિંગ પણ જરૂરી હશે.

માત્ર એવા સ્ટાફ અને વિઝિટર્સને એન્ટ્રીની મંજૂરી મળશે, જેમાં કોરોનાનાં લક્ષણ નહીં હોય. મિનિસ્ટ્રીએ કહ્યું હતું કે તમામ કર્મચારીઓ અને વિઝિટર્સને કોરોનાને અટકાવવાના ઉપાય કરવા જોઈએ, જેમાં ૬ ફૂટનું અંતર જાળવી રાખવું, ફેસ કવર કે માસ્કનો ઉપયોગ કરવો અને સતત હાથ ધોવાની આદત સામેલ છે. લોકોના વારંવાર અડવાની જગ્યા પર ઓછામાં ઓછી ૨ વખત સાફસફાઈ થવી જોઈએ. ઓફિસ અને અન્ય વર્કપ્લેસ એકબીજા સાથે જોડાયેલાં હોય છે. એટલા માટે અહીં, લિફ્ટ, સીડી, પાર્કિંગ, કેન્ટીન, મીટિંગ રૂમ અને કોન્ફરન્સ હોલમાં કોરોના ઝડપથી ફેલાઈ શકે છે. સંક્રમણને ફેલાવાથી અટકાવવાની જરૂર છે. કોરોનાના શંકાસ્પદોની ઓળખ થાય ત્યારે જરૂરી ઉપાય કરવા જરૂરી છે, જેથી ફેલાવાને સીમિત કરી શકાય.

# જેમણે વિદેશી કંપનીઓ માટે માર્ગ ખોલ્યો, તેઓ સ્થાનિક કંપનીઓને ડરાવી રહ્યા છેઃ PM



લખનઉ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ઉત્તરપ્રદેશના બહરાઈચમાં મહારાજા સુહેલદેવ મેમોરિયલનો શિલાન્યાસ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કરતાં કહ્યું હતું કે આજે વસંતપંચમીનો શુભ દિવસ છે, આવી સ્થિતિમાં મારી પ્રાર્થના છે કે દરેક દેશવાસીઓને માતા સરસ્વતીના આશીર્વાદ મળે. મહારાજા સુહેલદેવના નામે જે મેડિકલ કોલેજ બની છે એનાથી લોકોને લાભ થશે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ભારતનો ઈતિહાસ એ નથી જેણે દેશને ગુલામ બનાવ્યો અને ગુલામીની માનસિકતા સાથે લખનારાઓએ લખ્યું, ભારતનો ઈતિહાસ એ પણ છે જે દેશના સામાન્ય માણસે લખ્યું છે.

ભારતના ઘણા નાયકો અને નાયિકાઓને ઈતિહાસમાં ક્યારેય સ્થાન આપવામાં આવ્યું નથી, જેમને ક્યારેય તેમનું સન્માન આપવામાં આવ્યું ન હતું, એને આજનું ભારત સુધારી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું હતું કે નેતાજી સુભાષચંદ્ર બોઝ આઝાદ હિન્દ ભારતના પ્રથમ વડાપ્રધાન હતા, આઝાદ હિન્દ ફૌજને ક્યારેય પણ એટલું સન્માન આપવામાં આવ્યું નહીં. દેશનાં ૫૦૦થી વધુ રજવાડાંને એક કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ સાથે શું થયું, એ બધા જ જાણે છે. અમારી સરકારે સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમા બનાવી.

વડાપ્રધાન મોદીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે નવા કૃષિ કાયદા દ્વારા નાના ખેડૂતોને લાભ થશે, સાથે સાથે ખેડૂતોને લાભ થવાની શરૂઆત પણ થઈ ગઈ છે. કૃષિ કાયદાઓને લઈને ઘણા પ્રકારનો પ્રચાર કરવામાં આવ્યો, જેમણે વિદેશી કંપનીઓ માટે માર્ગ ખોલ્યો, તેઓ સ્થાનિક કંપનીઓને ડરાવી રહ્યા છે. હવે ખેડૂતો જ તેમની પોલ ખોલવા માંડ્યા છે. યુપી સરકારે શેરડીના ખેડૂતો, શુગર મિલોને લગતી સમસ્યાઓ દૂર કરી છે.

# મુંબઈ-પૂણે એક્સપ્રેસ હાઈવે પર ભીષણ અકસ્માત, ૫ લોકોના મોત



મુંબઈ, દેશના મહારાષ્ટ્ર રાજ્યમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જેમાં મુંબઈ-પૂણે એક્સપ્રેસ હાઈવે પર ગંભીર માર્ગ અકસ્માત થયો હતો, આ અકસ્માતમાં ૫ લોકોના કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના મધ્ય રાત્રીએ મુંબઈ- પૂણે એક્સપ્રેસ હાઈવે પર ખોલીપોલી વિસ્તાર પાસે થયો હતો. ઘટનામાં ઘાયલ પાંચ લોકોને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી દેશમાં માર્ગ અકસ્માતની ઘટનામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ ઘાયલોમાંથી બેને પનવેલ અને અન્ય બે લોકોને વાશીના મનાપા હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય એક ઘાયલને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે,બીજી તરફ લોકો પોતાના અમૂલ્ય જીવો ગુમાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૭-૦૨-૨૦૨૧, બુધવાર, મહા સુદ-છઠ, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૭.૦૨.૨૦૨૧ બુધવાર

મેષ(અ,લ,ઈ): ઘરના વડીલોની સલાહ તથા માર્ગદર્શન ઉપર અમલ કરો, નિશ્ચિત જ તમને યોગ્ય સફળતા પ્રાપ્ત થશે. જમીનને લગતા વિવાદોનો પણ ઉકેલ આવે તેવી શક્યતા છે.

વૃષભ(બ,વ,ઉ): સમયમાં પોઝિટિવ પરિવર્તન આવી રહ્યું છે, તેનો યોગ્ય સદુપયોગ કરો. મોટાભાગના કામ યોગ્ય રીતે સંપન્ન થવાથી વિજય પ્રાપ્ત કરવા જેવી ફિલિંગ રહેશે.

મિથુન(ક.છ.ઘ): કોઇ વિશેષ કાર્ય પ્રત્યે તમારી મહેનત આજે સફળ રહેશે. ભાગ્યની અપેક્ષાએ તમે તમારા કર્મ ઉપર વિશ્વાસ રાખશો તો તમને સફળતા મળશે.

કર્ક(ડ,હ): ઘરના વડીલોના અનુભવ તથા માર્ગદર્શનનું અનુસરણ કરો, તેનાથી તમારી કાર્યપ્રણાલીમાં સારો સુધાર આવશે. ધાર્મિક કાર્યોમાં પણ તમારો રસ રહેશે.

સિંહ(મ,ટ): ઘરમાં પરિવર્તનને લગતી થોડી યોજના બનશે. બાળકોની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં તમારું વિશેષ યોગદાન રહેશે. કામનો ભાર વધારે હોવા છતાં તમે તમારા રસના કાર્યો માટે સમય કાઢી શકશો.

કન્યા(પ,ઠ,ણ): આવકના નવા સ્ત્રોત બનશે. કોઈ નજીકના સંબંધીને ત્યાં સમારોહમાં આમંત્રિત થવાનો અવસર મળશે. કોઈપણ કામમાં ઉતાવળની જગ્યાએ ધૈર્ય જાળવી રાખવું યોગ્ય પરિણામ આપશે.

તુલા(ર.ત.): આજે સામાજિક ગતિવિધિઓમાં કોઇ ગંભીર વિષય ઉપર ચર્ચા થશે. તમારા દ્વારા રાખવામાં આવેલો મજબૂત પક્ષ સર્વમાન્ય રહેશે.

વૃશ્ચિક(ન.ય.): આજે તમે રોજિંદા કાર્યોથી અલગ કંઈક નવું શીખવાની કોશિશ કરશો. તમારા મન પ્રમાણે સમય પસાર કરવાથી શારીરિક અને માનસિક રૂપથી પોતાને ઊર્જાવાન અનુભવ કરશો.

ધન(ભ,ધ,ફ,ઢ): આજે ગ્રહ ગોચર તથા ભાગ્ય તમારા પક્ષમાં છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. વિશિષ્ટ વ્યક્તિઓનો સહયોગ તમારા માટે લાભદાયક પરિસ્થિતિ બનાવશે.

મકર(ખ.જ.): તમારો ઉદારવાદી તથા સહાયક દૃષ્ટિકોણ સામાજિક કાર્યોમાં એક સારી બાબતની જેમ સામે આવશે.

કુંભ(ગ,સ,શ,ષ): ઘણાં સમય પછી મહેમાનો ઘરે આવવાથી ચહેલ-પહેલનું વાતાવરણ રહેશે. ઘરના વડિલ વ્યક્તિઓના માન-સન્માનને લગતી બાબતોનું ધ્યાન રાખવું તમારી જવાબદારી છે, જે તમે યોગ્ય રીતે નિભાવશો.

મીન(દ,ચ,ઝ,થ): આજે તમે તમારા વ્યક્તિગત તથા રસના કાર્યોમાં વધારે સમય પસાર કરશો. જેથી માનસિક રૂપથી ખૂબ જ સુકૂન અને રાહત મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ચુંટણીના માહોલ વચ્ચે ઠાગાઠૈયા કરાતા છેવટે

# પ્રાદેશિક કચેરીએ દાહોદ પાલિકાને માહિતી આપવાનો આદેશ

દાહોદ,

દાહોદ નગરપાલિકાની ચુંટણીને લઈને હાલ રાજકીય માહોલમાં ગરમાગરમી જોવા મળી રહી છે. તેમજ રાજકીય પક્ષોએ પોતાના વિરોધીઓને માત આપવા માટે ખાસ વ્યૂહરચના તૈયાર કરી લીધી છે.જેને લઈને શહેર સહીત જિલ્લાવાસીઓ ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. તેવા સમયે દાહોદ નગર પાલિકાના વહીવટમાં ગેરરીતિ આચરી ભ્રષ્ટાચાર કર્યો હોવાની આશંકાને લઈને શહેરના જાગૃત નાગરિકો દ્વારા માહિતી માંગી હતી.ત્યારબાદ માહિતીનો ૩૦ દિવસનો સમયગાળો પૂરો થયા બાદ પણ અરજદારને માંગેલ માહિતી પૂરી ના પાડતા આખરે આ બાબતે ઉચ્ચકક્ષાએ લેખિતમાં અપીલ કરતા ઉચ્ચ કક્ષાએથી રૂબરૂ સુનવણી દરમિયાન નગરપાલિકાના સત્તાધિકારીઓ પાલિકાના દસ્તાવેજો સાથે છેલ્લી બે મુદ્દતથી ગેરહાજર રહેતા તેમજ માહિતી પૂરી પાડવા ઠાગાઠૈયા કરતા હોવાનું ધ્યાને આવતા પ્રાદેશિક કમિશનર વડોદરાએ અરજદાર દ્વારા માંગેલ માહિતીની સર્ટીફાઈડ નકલો સાથે દિન ૭ માં આપવાનો આદેશ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

વધુ મળતી માહિતી પ્રમાણે દાહોદ શહેરના એક જાગૃત નાગરિકે દાહોદ નગરપાલિકાના વહીવટમાં ગેરરીતી આચરી ભ્રષ્ટાચાર કર્યો હોવાની આશંકાએ દાહોદ નગરપાલિકામાં માહિતી માંગી હતી.પરંતુ માહિતી માંગ્યાના ૩૦ દિવસના સમયગાળામાં પાલિકા દ્વારા કોઈપણ જાતનો પ્રત્યુત્તર ન આપતા અરજદારે પ્રાદેશિક કમિશ્નર કચેરી વડોદરા ખાતે રૂબરૂ અપીલ તેમજ સુનવણી કાજે અરજી કરતા તે અરજીના સંદર્ભમાં પ્રાદેશિક કમિશ્નર કચેરી વડોદરાના આસિસ્ટન્ટ પબ્લિક ઈન્ફર્મેશન ઓફિસર(APIO) એ તારીખ ૨૭.૦૧.૨૦૨૧ ના રોજ નગર પાલિકાના સત્તાધીશોને દસ્તાવેજો સાથે રૂબરૂ હાજર રહેવા ફરમાન કર્યું હતું.જોકે પાલિકાના સત્તાધીશો આ રૂબરૂ સુનાવણીમાં ગેરહાજર રહેતા આ મામલે પબ્લિક ઈન્ફર્મેશન ઓફિસરની સીધી દેખરેખમાં દસ્તાવેજો તૈયાર કરી આગામી ૦૩.૦૨.૨૦૨૧ ના રોજ અત્રેની પ્રાદેશિક કમિશનર કચેરી ખાતે રૂબરૂ સુનાવણી દરમિયાન હાજર રહેવાનું તાકીદે ફરમાન કરાયું હતું.જોકે પાલિકાના સત્તા અધિકારીઓએ ચૂંટણીલક્ષી કામગીરીનો હવાલો આપી લાંબી મુદત આપવાની માંગણી કરી સુનવણી દરમિયાન બીજી વખત ગેરહાજર રહ્યા હતા.જે માહીતી અધિકારના કાર્યક્ષેત્રમાં આવતું ન હોવાથી તેમજ સુનાવણી દરમિયાન હાજર અરજદારની રજૂઆતોને ગંભીરતાથી લઈ પાલિકાના ચીફ ઓફિસર અરજદારને માહિતી પુરી પાડવા ઠાગાઠૈયા કરતા હોવાનું તેમજ પાલિકાના વહીવટમાં જાહેર નાણાકીય વ્યવહારોમાં ગેરરીતી આચર્યું હોવાનું પ્રતીત થતાં પ્રાદેશિક કમિશનર કચેરી વડોદરાએ આ મામલે ગંભીર નોંધ લઈ અરજદારની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીને ગ્રાહ્ય રાખી માંગવામાં આવેલ માહિતીની સર્ટિફાઈડ નકલો દિન ૭ માં વિના મુલ્યે પુરી પાડવા તાકીદ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

## દાહોદ તાલુકા પંચાયતમાં ભાજપા તરફી ફોર્મ ભરાયલા પોસ્ટ માસ્ટરનું ફોર્મ રદ

### કોંગ્રેસે વાંધો અરજી આપના તપાસનો ધમધમાટ સર્જાયો હતો

દાહોદ,

દાહોદ જિલ્લામાં તાલુકા પંચાયતમાંથી ભાજપા પાર્ટીમાંથી ટીકીટ મેળવનાર ઉમેદવાર શારદાબેન અનિલભાઈ ડામોર (મુ.પા.મંડેર(રં),તા.સીંગવડ,જિ.દાહોદ) પોતે બેઢિયા ખાતે બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતાં હોવા છતાં ચુંટણીમાં નિયમોના નિયમોનું વિમુખ થઈ ફોર્મ ભર્યા બાદ પણ પાર્ટી દ્વારા તેઓને મેન્ડેટ આપી ટીકીટ ફાળવ્યાં બાદ અને સરકારના નિયમો અનુસાર, સરકારનો નોકર અથવા કોઈ પણ સ્થાનિક સંસ્થાનો નોકર હોય તેવી વ્યકિત પંચાયતની સભ્ય થઈ શકશે નહીં. આવા સરકારના નિયમોને ધ્યાનમાં રાખી દાહોદના ચુંટણી અધિકારી દ્વારા આજરોજ ફોર્મ ચકાસણી વેળાએ અને કોંગ્રેસ દ્વારા આ પહેલા વિરોધ કર્યા બાદ ચુંટણી અધિકારીએ આ બાબતે તપાસનો ધમધમાટ આરંભ કરતાં આ હકીકત બહાર આવી હતી કે, આ ઉમેદવાર શારદાબેન અનિલભાઈ ડામોર બેઢિયા ખાતે બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવે છે તેવા તપાસમાં ખુલાસો બહાર આવતાંની સાથેજ ચુંટણી અધિકારી દ્વારા કોંગ્રેસની વાંધા અરજીને અને તપાસને ધ્યાનમાં રાખી સાચી હકીકત બહાર આવતાં આ ભાજપના તાલુકા પંચાયતના મહિલા ઉમેદવારનું ફોર્મ રદ કરતાં ભાજપના રાજકારમાં સ્તબ્ધતા સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે હવે આ બેઠક પરથી હવે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મેદાનમાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીનું બ્યુગલ વાગતાની સાથેજ ચુંટણી માહોલ ગરમાયો છે. આજે ફોર્મ ચકાસણીની તારીખ હોઈ દાહોદ જિલ્લામાં ફોર્મ ચકાસણી કચેરીઓ ખાતે સવારથીજ મોટી સંખ્યામાં તમામ પાર્ટીઓના આગેવાનો સહિત ઉમેદવારોનો મોટી સંખ્યામાં રાફડો ફાડ્યો હતો. ફોર્મ રદ થતાં ગમનો માહોલ પણ સર્જાયો હતો ત્યારે ક્યાંક ખુશીનો માહોલ પણ જોવા મળ્યો હતો. ત્યારે બીજી તરફ મળતી માહિતી પ્રમાણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા તારીખ ૧૫.૦૨.૨૦૨૧ના રોજ વાંધા અરજી કરી હતી. જેના આધારે દાહોદના ચુંટણી અધિકારી દ્વારા તલસ્પર્શી તપાસ હાથ ધરી હતી. ચુંટણી અધિકારીના લેખિત પરિપત્રમાં જણાવ્યા અનુસાર, દાહોદ જિલ્લા પંચાયતતના ૪૬– સુડીયા (અનુસુચિત આદિજાતિ) મતદાર વિભાગના સભ્યચની ચુંટણી અંગે તારીખ ૧૩.૦૨.૨૦૨૧ના રોજ રજુ થયેલ ઉમેદવારી પત્ર અંગે ફોર્મ સ્વીકારમાં આવ્યું હતું આ સંદર્ભની અરજીથી ઉમેદવાર જીજ્ઞેશભાઈ બાબુભાઈ નિસરતા (ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ) દ્વારા વાંધા રજુ થતાં તપાસના અંતે ઈન્સ્પેક્ટર ઓફ પોસ્ટ ઓફિસ ગોધરા સબ ડીવીઝન ગોધરાના તા.૧૫.૦૨.૨૦૨૧ના લેખિત પત્રથી ભાજપના ઉમેદવાર શારદાબેન અનિલભાઈ ડામોર ગોધરાના બેઢિયા ખાતે બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવી રહ્યાં છે અને તેમને ડિપાર્ટમેન્ટ પોસ્ટના ગ્રામીણ ડાક સેવક (આચરકણ અને નિયામાવલી) ૨૦૨૦ના નિયમો લાગુ પડે છે. તેમ પત્રમાં જણાવવામાં આવ્યું હતું. ઉમેદવારીપત્રના ભાગ–૩માં ચુંટણી માટે શારદાબેન અનિલભાઈ ડામોરે રાજકીય પક્ષ તરીકેના ભારતીય જનતા પાર્ટી તરફથી ઉભા રાખવામાં આવ્યા હોવાની વિગત દર્શાવવામાં આવી હતી. વધુમાં પત્રમાં ચુંટણી અધિકારી દ્વારા જણાવ્યા અનુસાર, ઉમેદવારી પત્રોની રજુઆત અને માન્ય ઉમેદવારી માટેની આવશ્યકતા કલમ–૩૦ની જોગવાઈના નિયમ–૧ (ઠ) મુજબ ઉમેદવાર જે સરકારનો નોકર અથવા કોઈપણ સ્થાનિક સંસ્થાનો નોકર હોય તેવી કોઈ વ્યકિત પંચાયતની સભ્ય થઈ શકશે નહીં અથવા તેવા સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહીં, જેથી રજુ ભાજપના શારદાબેન અનિલભાઈ ડામોર દ્વારા રજુ કરવામાં આવેલ ઉમેદવારી ફોર્મ અસ્વીકાર (રદ્દ) કરતો જવાબ દાહોદના ચુંટણી અધિકારી દ્વારા આપતાં જિલ્લા તેમજ તાલુકા પંચાયતના ભાજપના મોવડી મંડળમાં સ્તબ્ધતા સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

## દાહોદ નગર પાલિકાની ચુંટણીમાં ૧૩ ફોર્મ પરત ખેંચાતા હવે ૧૪૯ ઉમેદવારો

### ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખે કુલ ૧૩ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેચ્યું

(૧) વોર્ડ નંબર ૧ :- ઈરફાનબેગ મુર્તુઝાબેગ મિરઝા (બી.ટી.પી).
(૨) વોર્ડ નંબર ૩ :- ચેતનભાઈ ખીચડીયા સોસોદીયા (અપક્ષ).
(૩) વોર્ડ નંબર ૪ :- શીતલબેન શીતલકુમાર પરમાર (આપ).
(૪) લીલાબેન અમૃતલાલ પ્રજાપતિ (કોંગ્રેસ).
(૫) રાહુલકુમાર ભાઈલાલ પીઠયા (અપક્ષ).
(૬) ગાયત્રીબેન નરેન્દ્રકુમાર અગ્રવાલ (અપક્ષ).
(૭) વોર્ડ નંબર ૫ દશરથ શંકરલાલ પીઠાયા (અપક્ષ).
(૮)વોર્ડ નંબર ૬ :- રીઝવાના હજી દાઉદ પાટુક (અપક્ષ).
(૯) જોહરાબેન અબ્દુલ રેહમાન દલાલ (અપક્ષ).
(૧૦) વોર્ડ નંબર ૭ :- સંજય હસમુખલાલ પરમાર (અપક્ષ).
(૧૧) વોર્ડ નંબર ૯ :- સીમાબેન નારાયણ તવર (અપક્ષ).
(૧૨) શારદાબેન મુકેશચંદ્ર બામણીયા (અપક્ષ).
(૧૩) વિજય નગીનભાઈ પરમાર (અપક્ષ).

દાહોદ,

આજે ઉમેદવારી પત્ર ખેંચવાની અંતિમ રાખી છે. ત્યારે કોંગ્રેસ, ભાજપ અને આપના ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે અને ગતરોજ દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૪માંથી આપ અને કોંગ્રેસના ઉમેદવારોએ પોતાનું ફોર્મ ખેંચી લીધા બાદ ભાજપના ઉમેદવાર બિન હરીફ ચુંટાઈ આવ્યાંની ખબરો બાદ દાહોદ શહેર સહિત જિલ્લામાં આપ અને કોંગ્રેસના ઉમેદવારોને કોઈ અજ્ઞાત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. લોભ, લાલચ કે કોઈ રાજકીય દબાણમાં ઉમેદવારો પોતાનું ફોર્મ ન ખેંચી લે તે માટે અને ક્યાંક પોતાના ઉમેદવાર ફરી જવાની કોંગ્રેસ અને આપમાં દહેશતને પગલે તમામ ઉમેદવાર ભુગર્ભમાં ઉતરી ગયા છે.તેમજ કેટલાક અપક્ષ ઉમેદવારોને ફોર્મ ખેંચવા માટે તેમના ઘરે પોલિસ પણ મોકલી હોવાની ચર્ચાઓ ઉઠવા પામી છે. જોકે ૯ વોર્ડમાં ૩૬ બેઠકો પર ઉભા થયેલા ૧૬૨ ઉમેદવારોમાંથી ૧૩ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા હવે આગામી ચૂંટણીમાં ૧૪૯ ઉમેદવારો વચ્ચે જંગ જમવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. તો બીજી તરફ કોંગ્રેસના ઉમેદવારોને હોર્સ ટ્રેડિંગના ભયના કારણે અજ્ઞાત સ્થળે ખસેડાયા.

દાહોદ નગરપાલિકાની ચૂંટણીમાં આજરોજ ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખ હોઈ અને ગઈકાલે કોંગ્રેસ તેમજ આપના મહિલા ઉમેદવાર દ્વારા ફોર્મ ખેંચ્યા બાદ અને અન્ય રાજકીય પક્ષોના હોર્સ ટ્રેડિંગ તેમજ અન્ય રાજકીય દબાણ વશ ફોર્મ ખેંચવાની બીકિ ગઈકાલે સાંજ પહેલા જ કોંગ્રેસના ઉમેદવારોને કોઈક અજ્ઞાત જગ્યાએ મોકલી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. જોકે અપક્ષના ઉમેદવારો પણ ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે ભુગર્ભમાં ઉતરી ગયા હતા. તેમજ કેટલાક અપક્ષના ઉમેદવારોના ઘરે પોલિસ ગઈ હોવાની ચર્ચાઓ જોરશોરથી ઉઠવા પામી છે.જોકે અપક્ષ ઉમેદવારોના આક્ષેપોના આધારે શું ખરેખર પોલીસ ઉમેદવારોના ઘરે ગઈ હતી? કે પોલીસના સ્વાંગમાં અન્ય કોઈ પક્ષના કાર્યકર્તાઓ ગયા હતા. જે ખરેખર તપાસનો વિષય બની જવા પામ્યો છે.

## દાહોદમાં આપ અને કોંગ્રેસના ઉમેદવાર લોભ-લાલચ કે દબાણમાં ફોર્મને ખેંચી લેવાની દહેશતમાં ઉમેદવાર ભૂર્ગભમાં

દાહોદ,

આજે ઉમેદવારી પત્ર ખેંચલાની અંતિમ રાખી છે ત્યારે કોંગ્રેસ, ભાજપ અને આપના ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે અને ગતરોજ દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૪માંથી આપ અને કોંગ્રેસના ઉમેદવારોએ પોતાનું ફોર્મ ખેંચી લીધા બાદ ભાજપના ઉમેદવાર બિન હરીફ ચુંટાઈ આવ્યાંની ખબરો બાદ દાહોદ શહેર સહિત જિલ્લામાં આપ અને કોંગ્રેસના ઉમેદવારોને કોઈ અજ્ઞાત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. લોભ, લાલચ કે કોઈ રાજકીય દબાણમાં ઉમેદવારા પોતાનું ફોર્મ ન ખેંચી લે તે માટે અને ક્યાંક પોતાના ઉમેદવાર ફરિ જવાની કોંગ્રેસ અને આપમાં દહેશતને પગલે તમામ ઉમેદવાર ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

દાહોદ નગરપાલિકા અને તાલુકા અને જિલ્લા પંચાયતની સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીને લઈ હાલમાં ખેંચતાણ શરૂ થઈ ગઈ છે ત્યારે નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ફોર્મ ચકાસણી કરવામાં આવી રહી છે. આજે અંતિમ દિવસે દાહોદની મામલતદાર ઓફિસ ખાતે ઉમેદવારો તેમજ તેમના કાર્યકર્તાઓનો રાફડો ફાટ્યો હતો. ખાસ કરીને લોભ,

## અંતિમદિને દાહોદ જીલ્લામાં કોંગ્રેસ અને આપના ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડાયા

દાહોદ,

આજે ઉમેદવારી પત્ર ખેંચલાની અંતિમ રાખી છે. ત્યારે કોંગ્રેસ, ભાજપ અને આપના ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે અને ગતરોજ દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૪માંથી આપ અને કોંગ્રેસના ઉમેદવારોએ પોતાનું ફોર્મ ખેંચી લીધા બાદ ભાજપના ઉમેદવાર બિન હરીફ ચુંટાઈ આવ્યાંની ખબરો બાદ દાહોદ શહેર સહિત જિલ્લામાં આપ અને કોંગ્રેસના ઉમેદવારોને કોઈ અજ્ઞાત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. લોભ, લાલચ કે કોઈ રાજકીય દબાણમાં ઉમેદવારા પોતાનું ફોર્મ ન ખેંચી લે તે માટે અને ક્યાંક પોતાના ઉમેદવાર ફરિ જવાની કોંગ્રેસ અને આપમાં દહેશતને પગલે તમામ ઉમેદવાર ભુગર્ભમાં ઉતરી ગયા છે.

દાહોદ નગરપાલિકા અને તાલુકા અને જિલ્લા પંચાયતની સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીને લઈ હાલમાં ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. ત્યારે નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ફોર્મ ચકાસણી કરવામાં આવી રહી છે. આજે અંતિમ દિવસે દાહોદની મામલતદાર ઓફિસ ખાતે ઉમેદવારો તેમજ તેમના કાર્યકર્તાઓનો રાફડો ફાટ્યો હતો. ખાસ કરીને લોભ, લાલચ અથવા તો કોઈ રાજકીય દબાણને વશ થઈ ઉમેદવારો પોતાનું ફોર્મ ન ખેંચી લે તેવા હેતુસર કોંગ્રેસ અને આપના ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડાયાં હોવાનું જણાઈ આવ્યું છે. હજી સુધી કોંગ્રેસના ઉમેદવારોના ઘણા ખરા નામ જાહેર પણ કરવામાં આવ્યાં નથી. ઉમેદવારી પત્ર ખેંચલાની આજે છેલ્લી તારીખે અને છેલ્લા સમય સુધી આ ઉમેદવારી પત્ર કેટલાક ઉમેદવારો ખેંચી લે તે માટે પણ રાજકીય પક્ષો દ્વારા એડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે. ત્યારે ઉમેદવારીપત્ર ખેંચાયા પછીજ સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થાય તેમ જોવાઈ રહ્યું છે.

લાલચ અથવા તો કોઈ રાજકીય દબાણને વશ થઈ ઉમેદવારો પોતાનું ફોર્મ ન ખેંચી લે તેવા હેતુસર કોંગ્રેસ અને આપના ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડાયાં હોવાનું જણાઈ આવ્યું છે. હજી સુધી કોંગ્રેસના ઉમેદવારોના ઘણા ખરા નામ જાહેર પણ કરવામાં આવ્યાં નથી. ઉમેદવારી પત્ર ખેંચલાની આજે છેલ્લી તારીખે અને છેલ્લા સમય સુધી આ ઉમેદવારી પત્ર કેટલાક ઉમેદવારો ખેંચી લે તે માટે પણ રાજકીય પક્ષો દ્વારા એડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે ત્યારે ઉમેદવારીપત્ર ખેંચાયા પછીજ સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થાય તેમ જોવાઈ રહ્યું છે.

## નીતિન પટેલનો રિપોર્ટ નેગેટીવ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોર થયા કોરોના સંક્રમિત

અમદાવાદ,

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર તો મહંદ અંશે ઓસરી ગયો છે, પરંતુ સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે ભાજપના નેતાઓને કોરોનાએ ભરડામાં લીધા છે. સીએમ વિજય રૂપાણીને કોરોના પોઝિટિવ આવ્યા બાદ સભામાં હાજર અનેક નેતાઓનો કોરોના રિપોર્ટ કરાવવામાં આવ્યો છે. હાલ સીએમ વિજય રૂપાણી બાદ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડના વધુ એક સભ્ય કોરોના પોઝિટીવ આવ્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોરને કોરોના થયો છે અને તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જાણવા મળી રહ્યું છે કે ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં ભાભોર હાજર હતા. આ બેઠકના ચાર સભ્યો કોરોના પોઝિટિવ આવ્યા છે. તમને જણાવી દઈએ કે સીએમ વિજય રૂપાણી બાદ ભાજપના નેતા ભીખુ



દલસાણિયા, વિનોદ ચાવડાને કોરોના થયો છે. આ સિવાય સીએમ વિજય રૂપાણીને કોરોના પોઝિટિવ આવ્યા બાદ તમામ નેતાઓનો કોરોનો રિપોર્ટ કરાવવામાં આવી રહ્યો છે. હાલ ડેપ્યૂટી સીએમ નીતિન પટેલનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનો સમાચાર મળી રહ્યા છે. સીએમ રૂપાણીને કોરોના પોઝિટીવ આવતા સંપર્કમાં આવેલા નીતિન પટેલે કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. જેમાં તેમનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને ટ્વિટ કરીને માહિતી આપી છે અને લખ્યું છે કે સીએમના સંપર્કમાં આવ્યા હોવાથી ટેસ્ટ કરાવ્યો છે. ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે ટ્વિટ કર્યું છે કે, મારો કોરોનાનો આરટીપીસીઆર ટેસ્ટ તા.૧૫.૦૨.૨૦૨૧ ને સોમવારના રોજ કરાવેલ છે.

જેનો રિપોર્ટ ભગવાનના આશીર્વાદથી અને આપ સર્વેની શુભેચ્છાથી નેગેટીવ આવેલ છે. સીએમ વિજય રૂપાણી કોરોના પોઝિટિવ આવતા તેમને અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની તબિયત સુધારા પર છે. આજે તેમના હેલ્થ બુલેટિનમાં જાણવા મળ્યું છે કે વિજય રૂપાણીને કોરોનામાં પ્રાણદાયક બનેલું રેમડીસીવર ઈન્જેક્શન આપવામાં આવ્યુંછે. વિજય રૂપાણીનો આજે સીટી સ્કેન બાદ શરીરમાં કોરોના વાયરસનો લોડ વધતાં રેમડીસીવર ઈન્જેક્શન અપાયું છે. આ ઈન્જેક્શન સીએમને ઝડપથી રિકવરી આવે તે માટે આપવામાં આવ્યું છે. સીએમ રૂપાણીને ઝડપી રિકવરી કરાવવા માટે ઈન્જેક્શનનો કોર્સ કરવાનો નિર્ણય લેવાયો છે. રૂપાણીની સારસંભાળ માટે ૧૦ સિનિયર તબીબની ટીમ ઉભા પગે કામ કરી રહી છે.

## દાહોદની બોરવણી રેલ્વે ટ્રેક પાસેથી મળેલ મૃતદેહ સંબંધે ચાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના બોરવાણી ગામના જંગલ વિસ્તારમાં રેલ્વે પાટાની નજીકથી ગતરોજ એક વ્યકિતની લાશ મળી આવી હતી. આ ઘટના સંદર્ભે મરણ જનારના સંબંધીએ ચાર જેટલા ઈસમો વિરૂધ્ધ શંકાના આધારે ફરિયાદ નોંધાવી ઝઘડા તકરારની અંગત અદાવતે મોતન ઘાટ ઉતારી લાશનો નિકાલ કરવા તેમજ પુરાવાનો નાશ કરવા માટે લાશને રેલ્વે ટ્રેકની નજીક ફેંકી દીધી હોવાની કે ફીયત પૂર્વકની ફરિયાદ નોંધાવતાં પોલીસે આ સંબંધે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

આજથી આશરે દશેક માસ અગાઉ દાહોદ તાલુકાના રામપુરા ગામ મેડા ફળિયામાં રહેતા રમકાભાઈ મનસુખભાઈ મેડાના ભાઈ રમુડાભાઈ મનસુખભાઈ મેડા (ઉ.વ.૪૦)ની સાથે ગામમાંજ રહેતા વસનભાઈ રમસુભાઈ ભુરીયા, શંકરભાઈ રામસીંગભાઈ ભુરીયા, રામસીંગભાઈ છગનભાઈ ભુરીયા અને મકનભાઈ રમસુભાઈ ભુરીયા સાથે ઝઘડો તકરાર થયો હતો તેની અદાવત રાખી આ શકદારો દ્વારા રમુડાભાઈ મેડાને શરીરે નાની મોટી ઈજાઓ કરી, મોઢાના ભાગે તથા માથાના ભાગે બોથડ પદાર્થ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ છાતીના ભાગે અને પેટના ભાગે પણ કોઈ હથિયારથી ઘા મારી મોતને ઘાટ ઉતારી લાશનો નિકાલ કરવા માટે લાશને બોરવાણી ગામના ખાચા ફળિયાના જંગલમાં રેલ્વેના પાટા નજીક ફેંકી દઈ આ આરોપીઓ નાસી ગયા હોવાનું અને શંકાના આધારે ઉપરોક્ત ચારેય ઈસમો વિરૂધ્ધ મૃતકના ભાઈ રમકાભાઈ મનસુખભાઈ મેડાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગરબાડાની એક પ્રવૃતિનું લગ્નના ઈરાદે અપહરણ

દાહોદ,

ગરબાડા તાલુકાના અભલોડ ગામેથી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવાના ઈરાદે એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. દાહોદ તાલુકાના નગરાળા ગામેરહેતો પરેશભાઈ નારણભાઈ માવીએ ગત તા.૧૧મી ફેબ્રુઆરીના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી અભલોડ ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ આ સંબંધે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના ખારવા ગામેથી ફોર વ્હીલ ગાડીની ઉઠાંતરી

દાહોદ,

ગરબાડા તાલુકાના ખારવા ગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરે એક ક્રુઝર ફોર વ્હીલર ગાડી કોઈ અજાણ્યા ચોર ઈસમો પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ખારવા ગામે કોતર ફળિયામાં રહેતા નારસીંગભાઈ ધારજીભાઈ ગુંડીયાએ ગત તા.૧૧મી ફેબ્રુઆરીના રોજ પોતાની સફદે કલરની ક્રુઝર જીપ ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ ફોર વ્હીલર ગાડીને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ડુપ્લીકેટ ચાવી અથવા તો લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ સંબંધે નારસીંગભાઈ ધારજીભાઈ ગુંડીયાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 149

## પંચમહાલ જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચુંટણીના રાજકીય ગરમાવા સાથે

# દાવેદારોના ફોર્મ ચકાસણી પ્રક્રિયાથી ઉત્તેજના વચ્ચે ચુંટણી ચિત્ર સ્પષ્ટ

- દિવસો થી જામેલ વિવિધ બેઠકોને ઉમેદવારો અંગેની ચર્ચાઓના દોરનો અંત.
- ગોધરા સહિતના વિવિધ તાલુકા મથકો એ ઉમેદવારોની સ્થિતી જાણવા લોક ટોળા ઉમટયા.
- મનામણા કરાયેલા ઉમેદવારો લઈને ફોર્મ પરત ખેંચવા માટે પહોંચતા ચર્ચાનો વિષય બન્યો.
- પળેપળેની વિગતો ઉત્સાહભેર ઉમટી પડેલા ટેકેદારો અને ઉમેદવારો એ અરસપસર વહેંચી.
- ચુંટણી પૂર્વે જુદી જુદી બેઠકો ઉપર કોંગ્રેસના તથા અપક્ષો એ દાવેદારી પરત ખેંચીને ભાજપાને વિજયની ભેટ આપી.
- ઘોઘંબા જી.પં.ની કાનપુર બેઠક ભાજપની ઝોલીમાં.
- નવાગામ તાલુકા પંચાયત બેઠક પર ભાજપના રંગેશ્વરીબેન રાઠવા બિનહરીફ
- કાનપુર બેઠક બિનહરીફ થયા બાદ સોશિયલ મીડિયામાં પૈસા લઈ ફોર્મ પરત ખેંચવા અંગે ઓડિયો કલીપ વાયરલ.
- શહેરામાં વિવિધ ૧૬ બેઠકો બિનહરીફ થતા ભાજપ કાર્યાલય ખાતે ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી.
- કાલોલ તાલુકા પંચાયતની કરોલી અને અલવા બેઠકો બિનહરીફ થઈ.
- ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયામાં કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ અને કોંગ્રેસ તાલુકા મહામંત્રી પ્રદ્યુમનસિંહ પરમાર વચ્ચે થઈ શાબ્દિક બોલાચાલી.
- હાલોલ તાલુકા પંચાયતની ૨૩ બેઠકો માટે ૫૫ ઉમેદવારો.
- હાલોલ જીલ્લા પંચાયતની ૦૫ બેઠકો માટે ૧૧ ઉમેદવારો.

**વિવિધ તાલુકા પંચાયતના જાહેર થયેલા ઉમેદવારો**

- ગોધરા - ૮૨.
- કાલોલ - ૬૨ (૨ બિન હરીફ).
- હાલોલ - ૫૫ (૧ બિન હરીફ).
- જાંબુઘોડા - ૪૩.
- મોરવા(હ) - ૬૫.
- શહેરા - ૪૪ (૧૧ બિન હરીફ).

**જીલ્લા પંચાયતના જાહેર થયેલા ઉમેદવારો**

- ગોધરા - ૨૦.
- કાલોલ - ૧૨.
- હાલોલ - ૧૧.
- જાંબુઘોડા - ૦૪.
- મોરવા(હ) - ૧૬.
- શહેરા - ૮ (૩ બિન હરીફ).
- ઘોઘંબા - ૧૪ (૧ બિન હરીફ).

ગોધરા,

આગામી યોજનાર પંચમહાલ જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચુંટણીના પગલે દિવસો થી જામેલ રાજકીય ગરમાવા વચ્ચે ભાજપ–કોંગ્રેસ સહિતના અપક્ષો એ નોંધાવેલી દાવેદારીની આજે મંગળવારના રોજ ચકાસણી પ્રક્રિયાને લઈને ભારે ઉત્તેજના સર્જાઈ હતી. ગોધરા સહિતના વિવિધ તાલુકા મથકો એ હરીફ ઉમેદવારોની સ્થિતી જાણવા તથા મનામણા કરાયેલા ઉમેદવારો લઈને ફોર્મ પરત ખેંચવા માટે પહોંચતા ચર્ચાનો વિષય બન્યો હતો. દિનભરની ચહલપહલ, વિરોધ વંટોળ અને ફરીફોના ફોર્મ પરત ખેંચાવા જેવી પળેપળેની વિગતો ઉત્સાહભેર ઉમટી પડેલા ટેકેદારો અને ઉમેદવારો એ અરસપસર વહેંચીને રાજકીય ગણતરીઓ માંડી હતી. વિવિધ જીલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની જુદી જુદી બેઠકો ઉપર કોંગ્રેસના તથા અપક્ષો એ દાવેદારી પરત ખેંચીને ભાજપાને વિજયની ભેટ આપી દીધી હતી. ચુંટણી પૂર્વે ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થતાં ભાજપા વર્તુળોમાં ખુશીની લ્હેર વ્યાપી ગઈ હતી. જેમાં સૌથી વધુ શહેરા તાલુકામાં જીલ્લા પંચાયત અને જીલ્લા પંચાયતની ૧૪ બેઠકો બિનહરીફ જાહેર થતાં ભાજપા ગેલમાં આવી ગયું છે. ઠેરઠેર ભગવો લહેરાવાની શરૂઆત થયાનો સંકેત આપ્યો હોવાના કાર્યકરો અંદાજ લગાવી રહ્યા છે. છેવટે નમતી સાંજે ચુંટણી ચિત્ર સ્પષ્ટ થવાની સાથે ચિન્હો ફાળવણી પ્રક્રિયા હાથ ધરાવાની સાથે હરીફો ઉમેદવારોની જાહેરાત કરાતા ઉમેદવારો એ પોતાના મત વિસ્તારમાં ચુંટણી પ્રચારની શરૂઆત કરી દીધી છે અને ઠેરઠેર કાર્યાલયોના ઉદ્ધાટનોની શરૂઆત થઈ ચૂકી છે.

ઘોઘંબા તાલુકામાં ચૂંટણી પહેલા જ ભાજપે બે બેઠકોમાં બાજી મારી છે. કાનપુર જિલ્લા પંચાયત અને નવાગામ તાલુકા પંચાયત બેઠકો થઈ બિનહરીફ થઈ છે. કાનપુર જી.પં.માં કોંગ્રેસના ઉમેદવાર રમેશભાઈ રણછોડભાઈ રાઠવા એ પોતાની ઉમેદવારી પરત ખેંચી છે. નવાગામ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના બકીબેન દિનેશભાઈ રાઠવા એ ફોર્મ પરત ખેંચ્યું છે. જિલ્લા પંચાયત કાનપુર બેઠક પર ભાજપના રંગીતભાઈ ભોદરભાઈ રાઠવા અને નવાગામ તાલુકા પંચાયત બેઠક પર ભાજપના રંગેશ્વરીબેન રાઠવા બિનહરીફ થયા છે. કે જે રંગેશ્વરીબેન રાઠવા માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણના ધર્મપત્ની છે. આમ, કાનપુર જિલ્લા પંચાયત બેઠક બિનહરીફ થવાનો મામલો સોશ્યલ મીડીયામાં ચર્ચાનો વિષય બન્યો હતો. બેઠક બિનહરીફ થયા બાદ સોશિયલ મીડિયામાં પૈસા લઈ ફોર્મ પરત ખેંચવા અંગે ઓડિયો કલીપ વાયરલ થઈ હતી. બિનહરીફ કરવા માટે માંગો એટલો વ્યવહાર પતાવી આપવાનો ઉલ્લેખ છે. ઓડિયો કિલપમાં માહિપાલસિંહ નામનો વ્યક્તિ કાનપુર બેઠક ને બિનહરીફ કરી આપવા માટે અલગથી માંગો એટલો વ્યવહાર આપવાની વાત કરી રહ્યો છે.

સૌથી વધુ જીલ્લામાં શહેરા તાલુકા પંચાયતની ૧૨ બેઠકો જ્યારે જિલ્લા પંચાયતની ૦૩ બેઠકો તેમજ શહેરા નગરપાલિકાની ૨ બેઠકો બિનહરીફ થઈ છે. જેમાં માતરિયાવ્યાસ, ખોજલવાસા, પાદરડી, બોરીઆ બોડીદ્રાખુર્દ, તાડવા, ઉંમરપુર, અણીયાદ, દલવાડા, શેખપુર, ખટકપુર અને નરસાણા તાલુકા પંચાયત બેઠક બિનહરીફ થઈ છે. જ્યારે દલવાડા, નાંદરવા અને અણીયાદ જિલ્લા પંચાયત બેઠક થઈ બિનહરીફ છે. શહેરા નગરપાલિકાના વોર્ડ ૦૧ માં બે મહિલા ઉમેદવાર બિનહરીફ થયા છે. આમ, ૧૭ જેટલી બેઠકો ભાજપા એ ચુંટણી પૂર્વે હસ્તગત કરી લીધી છે. બિનહરીફ થનાર તમામ ઉમેદવારો ભાજપના હોવાને લઈને ભાજપા વર્તુળમાં આનંદની લાગણી વ્યાપી છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની બેઠકો બિનહરીફ થતા ભાજપમાં ખુશીનો માહોલ સર્જાતા શહેરા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી ભાજપે ખુશી વ્યક્ત કરી હતી.

કાલોલ તાલુકા પંચાયતની બે બેઠકો બિન હરીફ થતા કરોલી અને અલવા બેઠકોનો સમાવેશ થાય છે. ચૂંટણી પહેલા જ આ બંને બેઠકો પર ભગવો લ્હેરાયો હતો. કોંગ્રેસ ના બે ઉમેદવારો એ ફોર્મ પરત ખેંચતા બેઠકો થઈ બિનહરીફ થઈ છે. જેમાં કરોલી બેઠક પર કોંગ્રેસ ના પદમીકાબેન ગોહિલે અને અલવા બેઠક પર કોંગ્રેસ ના જ શારદાબેન ડામોરે ઉમેરવારી પત્રો પરત ખેંચ્યાનો સમાવેશ થાય છે. તેના કારણે કરોલી બેઠકના બિનહરીફ થયેલા ભાજપના ઉમેદવાર ભારતીબેન જાદવ કે જે, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રાજપાલસિંહ જાદવના ધર્મપત્ની છે. અલવા બેઠક પર ભાજપના સવિતાબેન રાઠવા બિન હરીફ થયા છે. ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયામાં કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ અને કોંગ્રેસ તાલુકા મહામંત્રી પ્રદ્યુમનસિંહ પરમાર વચ્ચે થઈ શાબ્દિક બોલાચાલી હોવાનું જાણવા મળેલ છે.

હાલોલ તાલુકામાં આવતી ચૂંટણી જંગ સ્પષ્ટ થઇ ગયું છે. તાલુકાની ૨૪ બેઠક માટે ચૂંટણી જાહેર થઈ હતી. જેમાં કંજરી બેઠકમાં ભાજપ સિવાય બીજું એક પણ ફોર્મ નહિ ભરતા આ કંજરીની બેઠક બિનહરીફ હતી. જ્યારે બાકી રહેલ ૨૩ માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના નિર્ધારિત સમય બાદ ૫૫ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ યોજાવાનું ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે. મંગળવારના રોજ ઉમેદવારીપત્ર પરત ખેંચવાના દિવસે મસવાડ, ઉજેતી, વરસડા તેમજ નવાગામ આમ ૦૪ તાલુકા પંચાયત બેઠકના અપક્ષ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લીધા બાદ ભાજપા કોંગ્રેસ આમ આદમી પાર્ટી તેમજ અપક્ષ એમ કુલ મળી ૨૩ તાલુકા પંચાયત બેઠકો માટે ૫૫ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ થશે.

જ્યારે જિલ્લા પંચાયતની ૦૫ બેઠકો માટે ભાજપાના ૦૫ ઉમેદવારો કોંગ્રેસના ૫ ઉમેદવાર તેમજ ૦૧ આમ આદમી પાર્ટીના ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ યોજાનાર છે. જ્યારે તાલુકા પંચાયતની ૨૩ બેઠકો માટે ભાજપાના ૨૩ ઉમેદવાર કોંગ્રેસના ૨૩ ઉમેદવાર તેમજ આમ આદમી પાર્ટીના ૦૩ ઉમેદવાર તેમજ ૦૬ અપક્ષ ઉમેદવાર દ્વારા ૨૩ બેઠકો માટે ચૂંટણી જંગ ખેલાનારા હોવાનું ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે.

## ગોધરાના રતનપુરા પાસે નર્મદા કેનાલમાં મધવાસના યુવાને પડી ડુબી જતાં મોત

ગોધરા,

ગોધરા તાલુકાના રતનપુર દેગવાડા પાસે કેનાલમાં મધવાસનો ૨૫ વર્ષનો યુવાન ડુબી જઈ મરણ જતાં આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના મધવાસ ગામે ઘંટીવાળા ફળીયામાં રહેતા પ્રદિપભાઈ વીરાભાઈ રાઠોડ ઉ.વ.૨૫ એ કોઈ અગમ્ય કારણોસર ગોધરાના રતનપુર દેગવાડા પાસે નર્મદા કેનાલમાં ઝંપલાવી હતું. જેમાં ડુબી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા જ BJP ૩૯ બેઠકો પર થયું બિનહરીફ

ગાંધીનગર,

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી બે તબક્કામાં યોજવામાં આવશે. આગામી ૨૧ ફેબ્રુઆરી રોજ ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર એમ છ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાશે. જ્યારે ૨૮ ફેબ્રુઆરીના રોજ નગરપાલિકા તથા તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી યોજાશે. ત્યારે આજે ઉમેદવારોનું ફોર્મ પાછુ ખેંચવા માટેનો છેલ્લો દિવસ છે. ત્યારે રાજ્યમાં નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ૩૯ બેઠકો પર ભાજપ બિનહરીફ તરીકે વિજેતા થયુ છે. વિસ્તાર પ્રમાણે વાત કરીએ તો, કચ્છમાં ભૂજની બે બેઠક પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર કરાયાં છે. સુરેન્દ્રનગરમાં ધ્રાંગધ્રા નગરપાલિકામાં પાંચ વોર્ડમાં ભાજપના ૯ ઉમેદવાર બિનહરીફ જાહેર થયાં છે. સુરતના ઓલપાડ તાલુકા પંચાયતની પિંજરત અને ઓલપાડ બેઠક પર ૧-૧ ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

અમદાવાદની દસ્ક્રોઈ તાલુકા પંચાયતની ૨ બેઠક પર બે ઉમેદવારો બિનહરીફ જયારે ભાવનગરના ઉમરાળા તાલુકાપંચાયતની ૨ બેઠક, જૂનાગઢ જિલ્લા પંચાયતની બીલખા બેઠકમાં ૧, થાનગઢ તાલુકા પંચાયતની ૫ બેઠક, ભૂજ નગરપાલિકાની ૨ તથા ધ્રાંગધ્રા નગરપાલિકાની ૫ બેઠકો એક કુલ મળી નગરપાલિકામાં ૯, તાલુકા પંચાયતમાં ૧૭ અને ૨ જિલ્લા પંચાયતમાં ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. બોટાદ જીલ્લા પંચાયતની ચુંટણીમાં ઉમેદવારી ચકાસણી દરમિયાન કોંગ્રેસના ૧૮ ફોર્મ રદ થયા છે. બોટાદની ૭ સીટ, ગઢડાની ૭ સીટ અને રાણપુરની ૪ સીટ ઉપર ફોર્મ રદ થયા છે. તો ભાજપ ૫ બેઠકો પર બિનહરીફ થયા છે. બોટાદ જીલ્લામાં જીલ્લા પચાયતની ૨૦ સીટો માટે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ દ્વારા પોતાના ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં આજે ઉમેદવારી ફોર્મનો ચકાસણીનો દિવસ હતો. જેમાં ઉમેદવારી ચકાસણી દરમિયાન બોટાદ જીલ્લા પંચાયતની ૨૦ સીટોમાં કોંગ્રેસના ૧૮ ફોર્મ રદ થતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ૬ મહાનગરપાલિકાઓ માટે ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ત્યારબાદ ૨૩ ફેબ્રુઆરી મતગણતરી થશે. જ્યારે ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતો તેમજ ૮૧ નગરપાલિકાઓ માટે ૨૮ ફેબ્રુઆરીએ મતદાન થશે. જેની ૨ માર્ચના રોજ મતગણતરી કરવામાં આવશે. ૯૧ હજાર ૭૦૦થી વધુ ઈફસમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાશે.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ચાર કેસો નોંધાયા

- નવા તમામ કેસો ગોધરા તાલુકામાં નોંધાયા.
- જિલ્લામાં કુલ સક્રિય કેસોનો આંક ૨૩ થયો.

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોરોના સંક્રમણના નવા ૦૪ કેસો મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની કુલ સંખ્યા ૩૯૭૪ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૨૩એ સ્થિર રહી છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. ૦૩ દર્દીઓને સારવાર બાદ આજે રજા પણ આપવામાં આવી હતી. આજે મળી આવેલ ૪ નવા કેસો પૈકી ૦૨ કેસો ગોધરા શહેરમાંથી અને ૦૨ કેસ ગોધરા ગ્રામ્યમાંથી મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૯૦૭ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૬૭ કેસ મળી આવ્યા છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૮૧૦ થવા પામી છે.

## શહેરાના પાદરડી ગામે અજાણ્યા વાહન ટકકરે ઈજા પામેલ મહિલાનું સારવાર દરમ્યાન મોત

શહેરા,

શહેરા તાલુકાના પાદરડી ગામે પાણીની ટાંકી પાસે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રાહદારી ૩૦ વર્ષીય મહિલાને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેઓનું સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના પાદરડી ગામે પાણીના ટાંકા પાસે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને રાહદારી તારાબેન ભરતભાઈ બારીયા ઉ.વ.૩૦ને અડફેટમાં લેતાં માથા ગંભીર ઈજાઓ પહોંચાડી વાહન ચાલક નાશી છુટીયો હતો. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરાની સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં કુલ ૯૦ ઉમેદવારો વચ્ચે જંગ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ ને તાલુકા પંચાયતમાં ૧૧અને જિલ્લા પંચાયતમાં ત્રણ ભાજપના ઉમેદવારો બિન હરીફ થતા ભાજપમાં ખુશી જોવા મળી હતી. નગર પાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં ૯૦થી વધુ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહયા હતા.

શહેરામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ખેંચવાનો દિવસ ભાજપ માટે શુભ રહયો હતો. કોંગ્રેસ ના ઉમેદવારો એક બાદ એક ઉમેદવારી પત્ર પરત ખેંચતા ભાજપના ઉમેદવારો બિન હરીફ થયા હતા. જિલ્લા પંચાયત સીટ પર દલવાડા બેઠક પર ભારતીબેન ભૂપતસિંહ પટેલ, અણીયાદ બેઠક પર નાયક વિનુભાઈ અમરાભાઈ, નાંદરવા બેઠક પર સોલંકી દિલીપસિંહ અરવિંદસિંહ મળી ને કુલ ત્રણ જિલ્લા પંચાયત સીટ બિન હરીફ થઈ હતી. જ્યારે તાલુકા પંચાયતની ૩૦બેઠકો માંથી ખોજલવાસમાં પ્રદીપસિંહ પ્રતાપસિંહ ચૌહાણ, ઉમરપુરમાં ગીતાબેન રાકેશકુમાર ચૌહાણ, પાદરડીમાં રેખાબેન કીરપાલસિંહ માલીવાડ તેમજ માતરિયા વ્યાસમાં દશરથસિંહ વણઝારા, દલવાડામાં ઈન્દિરાબેન ગણપત પટેલ, તાડવામાં પુંજીબેન હાજાભાઈ ચારણ, અણીયાદમાં રજનિષાબેન રાઠોડ, બોડીદ્રા ખુદ કપિલાબેન રાજેશ બારીઆ, બોરિયા સીટ માં ભાવનાબેન જશવંત પગી, ખટકપુર સીટ માં ભૂરીબેંન નાયકા, શેખપુર સીટમાં ચંદુભાઈ નાયકા સહિત ભાજપના ઉમેદવારો બિન હરીફ થયા હતા. ભાજપ માંથી બિન હરીફ થયેલ ઉમેદવારોના સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ફટાકડા ફોડી ને પોતાના ઉમેદવારોને મોં મીઠું કરાવતા નજરે પડ્યા હતા. ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલીયા એ કોંગ્રેસની અત્યાર થી હાર થવા માડી છે. આ ચૂંટણીમાં ભાજપ તમામ બેઠકો પર વિજય થશે તેવું જણાવ્યું હતું. આ સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં નગર પાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં ૯૦થી વધુ ઉમેદવારો ચૂંટણી મેદાનમા રહયા હતા. નગર પાલિકાની ચૂંટણીમાં ભાજપ અને અપક્ષના ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામશે અને ચૂંટણી રસાકસી બની રહશે તો નવાઈ નહી. ઉમેદવારી પત્ર ખેંચવાના દિવસે ચૂંટણી કચેરીની બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

**શહેરા નગર પાલિકા**

૪૪ ઉમેદવારો
૨ બિન હરીફ
૫ ફોર્મ પાછા ખેંચાયા

**નગર પાલિકાની-૨, જી.પં-૩, તા.પં.માં ૧૧ બેઠકો બિનહરીફ**

શહેરા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની ચિત્ર સ્પષટ થયેલ છે. સાત જિલ્લા પંચાયત માંથી ત્રણ બિન હરીફ થતા ચાર જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતની ૩૦ માંથી ૧૧બેઠકો બિન હરીફ થતા ૧૯ બેઠકો પર ચૂંટણી જંગ જામશે, જ્યારે નગર પાલિકામાં ૬ વોર્ડની ૨૪ બેઠકો માંથી વોર્ડ નંબર ૧માં બે બિન હરીફ ઉમેદવારો થવાની શક્યતા ને લઈને ૨૨ બેઠકો પર ચૂંટણી ઉમેદવારો લડશે તેમ છે. આ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ હવે ભાજપના ઉમેદવારો સામે જીતવા માટે એડી ચોટીનું જોર લગાવી શકે તેમ છે.

## કલેકટર કચેરીના કંપાઉન્ડમાં બે રાજકીય જુથો વચ્ચે મામલો બિચકાયો

# ગોધરાના વોર્ડ નં.૦૫ના અને વોર્ડ નં.૦૪ના કોંગ્રેસી ઉમેદવારો અને ટેકેદારો વચ્ચે છુટા હાથે મારામારી થતાં વાતાવરણ તંગ બન્યું

- વોર્ડ નં.૦૫ના કોંગ્રેસી ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા તેઓના અને વોર્ડ નં.૦૪ના કોંગ્રેસી ઉમેદવાર અને ટેકેદારો વચ્ચે પહેલા ઉગ્ર બોલાચાલી થઈ હતી.
- પોલીસની દરમ્યાનગીરી થી હિંસા થતી અટકી ગઈ.
- આખરે બન્ને જુથો વચ્ચે સમાધાન થયું.
- ૨૨ જેટલા પરત ખેંચાતા ૧૮૭ જેટલા ઉમેદવારો એ ચુંટણી જંગમાં ઝંપલાવ્યું.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરા નગર પાલિકાની ચુંટણીને અનુલક્ષીને ફોર્મ પરત ખેંચવાના દિવસે કલેક્ટર કચેરીના કંપાઉન્ડમાં બે રાજકીય જુથો વચ્ચે મામલો બિચકાયો હતો. વોર્ડ નં.૦૫ના કોંગ્રેસી ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા તેઓના અને વોર્ડ નં.૦૪ના કોંગ્રેસી ઉમેદવાર અને ટેકેદારો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ છુટા હાથે મારામારી થતાં વાતાવરણ તંગ બન્યું હતું. જોકે, પોલીસની દરમ્યાનગીરી થી હિંસા થતી અટકી ગઈ હતી. આખરે બન્ને જુથો વચ્ચે સમાધાન થયું હતું. આમ, ૪૪ બેઠકો માટે ૨૬૨ ફોર્મ ભરાયા હતા. તે પૈકી ૫૩ રદ્દ થયા હતા. અને આજે ૨૨ જેટલા પરત ખેંચાતા ૧૮૭ જેટલા ઉમેદવારો એ ચુંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

પંચમહાલ જીલ્લા મથકની ગોધરા નગરપાલિકાની ચૂંટણી છેલ્લા કેટલાય દિવસો થી અનેક મુદ્દાઓને લઈને રાજકીય રીતે ચર્ચાનું કેન્દ્ર બનેલ હતું. પહેલા તો ઉમેદવારોની જાહેરાત સાથે જુના જોગીઓના પત્તા કપાતા વર્ષોથી ભાજપમાં એક હથ્થુ શાસન કરીને સભ્ય તરીકે ફરી ચુંટણી જંગમાં ઉતરવા અપક્ષ દાવેદારી નોંધાવી હતી. તો કેટલાકના પરીવારના સભ્યોને ટીકીટ ફળવાઈ હતી. તો કેટલાકને મેન્ડેટ ન મળતાં ભાજપના જ કાર્યકરો એ રાજીનામાં ધરી દીધા હતા. વળી, એક દાયકા અગાઉ ચેકડેમની રીક્વરીના મુદ્દે કોંગ્રેસ દ્વારા વાંધા અરજી અપાઈ હતી. દિનભર રાજકીય ડ્રામા વચ્ચે છેવટે કોંગ્રેસની વાંધા અરજી ફગાવાઈ દઈને ભાજપના હરીફ ઉમેદવારોને ચુંટણી લડવાની માન્યતા આવી હતી. પાલિકાના વિવિધ ૧૧ વોર્ડના કુલ ૪૪ બેઠકો ઉપર ભાજપા–કોંગ્રેસ અને અપક્ષો એ દાવેદારી નોંધાવતા કુલ ૨૬૨ ફોર્મ રજુ થતા રાફડો ફાટયો હતો. ગત સોમવારના ફોર્મ ચકાસણીના રોજ વિવિધ વિભાગોમાં ક્ષતિઓ જણાતા ૫૩ જેટલા ફોર્મ રદ કરાયા હતા. પરંતુ અપક્ષોનું જોર વધતાં ભાજપા અને કોંગ્રેસને મુંઝવણમાં મૂકી દઈને રાજકીય પડકાર ફેંક્યો હોય તેવી સ્થિતી સર્જાતા તેઓને મનામણા કરવામા આવ્યા હતા. ત્યારબાદ મંગળવારના રોજ પરત ખેંચવાની પ્રક્રિયાને લઈને સૌની નજર મંડાઇ હતી. ગોધરા પ્રાંત કચેરીમા વહેલી સવાર થી જ હાથ ધરાયેલી કાર્યવાહીને લઈને સૌની નજર મંડાઈ હતી. એક તરફ પ્રક્રિયા હાથ ધરવાને લઈને ઉપરના માળે આવેલી પ્રાંત કચેરીમાં ઉત્તેજના ભર્યો માહોલ વચ્ચે ઉત્સુકતાભેર જામેલા લોકટોળા સર્જાયેલા હતા. તો બીજી તરફ બપોરના અરસામાં નીચે પાર્કિંગના પટાંગણમાં ઉમેદવારો તથા ટેકેદારો અલગ અલગ જુથોમાં ચર્ચાની તૈયારીઓમાં મશગુલ હતા. તેવા સમયે વોર્ડ નં. ૦૫ના કોંગ્રેસના ઉમેદવાર અમરકુમાર દોલતરામ નાગદેવે એ ફોર્મ પરત ખેંચતા ઉપસ્થિત વોર્ડ નં.૦૪ના ઉમેદવાર અને ટેકેદારો વચ્ચે શરૂઆતમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ફોર્મ પરત ખેંચાવા પાછળ દોરી સંચાર ધરાવતા ગોધરા શહેરના ભાજપા પૂર્વ પ્રમુખ મહેશ હરૂમલાણી વચ્ચે આવતા મામલો બિચકાયો હતો. તેમ જાણવા મળે છે. વાતવાતથી શરૂ થયેલો મામલો ઉગ્ર બનીને અંદરો અંદર છુટા હાથે મારામારી શરૂ થતાં આસપાસમાં ભયનો માહોલ સર્જાયો હતો. બન્ને જુથો વચ્ચે છુટા હાથે મારામારી કરવાની સાથે પાર્કિંગમાં પાર્ક કરાયેલ વાહનોને ગબડાઈ દેવામાં આવ્યા હતા. જેના પગલે ઉપસ્થિત પોલીસ કર્મીઓ પણ દોડી આવીને કાર્યકરોને વેરવિખેર કરીને સમજાવટ કરવામાં આવી હતી. પરંતુ મામલો પોલીસ મથકે પહોંચીને અંદરો અંદરે પરસ્પર પોતાની ભૂલ સ્વીકારીને આ છુટા હાથની મારામારીના બનાવ અંગે માફી માંગીને સમાધાન કરવામાં આવતા આખરે મામલો ઠાળે પડતા હાશકારો અનુભવ્યો હતો. નમતી સાંજે મળતી માહિતી મુજબ ગોધરાના નગર પાલિકાની ૪૪ બેઠકો માટે ૨૬૨ ફોર્મ ભરાયા હતા. તે પૈકી ૫૩ રદ્દ થયા હતા. અને આજે ૨૨ જેટલા પરત ખેંચાતા ૧૮૭ જેટલા ઉમેદવારો એ ચુંટણી જંગમાં જંપ લાવ્યું છે. ૦૬ વોર્ડમાં ભાજપા એ મેન્ડેટ આપ્યો છે. તો કોંગ્રેસે ૦૫ વોર્ડમાં પોતાના ઉમેદવારોને ઊભા રાખ્યા છે. આમ, સૌથી વધુ અપક્ષ ઉમેદવારોનો રાફળો ફાટયો છે.

**ગોધરા નગર પાલિકા**

૧૮૭ ઉમેદવારો
૨૨ ફોર્મ પાછા ખેંચાયા